# આગમનાં અજવાળાં




## આગમ વાચનાની ટુંકી માહિતી

સર્વજીવહિતકારિણી વી

સંગ્રહ

આગમોના વારસાને

# આગમ વા

ટુંક મ

| ક્રમાંક | નામ | કોણે કરી ? |
|---|---|---|
| ૧ | શ્રીદ્વાદશાંગશ્રુત સંકલન વાચન | પૂ. આ. શ્રી ભદ્રબાહુસ<br>પૂ. શ્રી સ્થૂલભદ્રસ્વ |
| ૨ | શ્રીઆગમસંરક્ષણવાચના | પૂ. આર્ય સુહસ્તિસૂરી |
| ૩ | શ્રીએકાદશાંગસંકલનવાચના | પૂ. આ. શ્રી સુસ્થિત સૂ<br>પૂ. આ. શ્રી સુપ્રતિબદ્ધ |
| ૪ | શ્રીચતુરનુયોગવિભાગવાચના | પૂ. આર્યરક્ષિત સૂરિ |
| ૫ | શ્રીઆગમાનુયોગવાચના | પૂ. આ. શ્રી સ્કંદિલ સૂ<br>પૂ. આ શ્રી નાગાર્જુન |
| ૬ | શ્રી પુસ્તકારોહણવાચના | પૂ. આ. શ્રી દેવર્દ્ધિગણી |

રાગ પ્રભુની વાણીના

સ્વરૂપ

સુરક્ષિત રાખવા થયેલ

# યનાઓની

ાહિતી

વામીજી નેપાલદેશમાં વીર નિ. સં. ૧૫૫

ામીજી પાટલીપુત્રમાં

જી મ. ઉજ્જૈનમાં વીર નિ. સં

સમ્રાટ સંપ્રતિનીવિનંતિથી ૨૪૫થી ૨૯૧માં

ૂરિજી કલિંગ દેશમાં ઉદયગિરિ વીર નિ. સં

સૂરિજી પર્વતે સમ્રાટ ખારવેલની

વિનંતિથી ૩૦૦ થી ૩૩૦

મ. દશપુર (મંદસોર)નગરે વીર નિ. સં. ૫૯૨

ૂરિજી મ. મથુરાનગરે વલ્લભીપુરનગરે વીર નિ. સં.

સૂરિજી મ. ૮૩૦ થી ૮૪૦

ક્ષમાશ્રમણ વલભીપુરનગરે વીર નિ. સં ૯૮૦

(મતાંતરે ૯૯૩)

॥ श्री वर्धमानस्वामिने नमः ॥

# આગમનાં અજવાળાં

卐 卐 卐 卐 卐

પ્રભુ મહાવીર દેવ પરમાત્માના નિર્વાણુથી
૧૦૦૦ વર્ષ સુધીમાં થયેલ છ વાચનાઓની
ટુંક માહિતી

વીર નિ. સં. ૨૪૯૯ વિક્રમ સં. ૨૦૨૯
આગમોદ્ધારક સંવત્ (૨૩) પ્રથમાવૃત્તિ

પ્રકાશક
શ્રી ચાણુસ્મા જૈન મંડળ
અમદાવાદ.

પૂ. સાધુ
સાધ્વીજી મ.
ને સાદર ભેટ

કિંમત
૧। રૂપીયા

## પુસ્તક પ્રાપ્તિસ્થાન

ચંપકલાલ ટી. ખોખર
શેષશાયી મંદિર પાસે
મોલ્લોત ચોરો
ખોખરવાડ–ઊંઝા (ઉ. ગુ.)

બાબુલાલ કેશવલાલ શાહ
૧૧, નગરશેઠ માર્કેટ
રતનપોળ
**અમદાવાદ** (ગુજરાત)

ઉજમ ફૂઇની ધર્મશાળા [અમદાવાદ]ના ચાર્તુમાસ દરમ્યાન પૂ. ઉપાધ્યાય શ્રી ધર્મસાગરજી મ. [ઠા. ૧૪] ની નિશ્રામાં અષાડ સુ–૨ થી કા. સુ–૧૩ સુધી બપોરે રાા થી ૪ થયેલ પવિત્ર આગમવાચનાની સ્મૃતિ નિમિત્તે પ્રગટ થયેલ આ પુસ્તિકાના પ્રકાશનમાં નીચેના ભાવિકોએ લાભ લીધો છે.

* ૫૦૧ શ્રી ચાણસ્મા જૈન મંડળ
અમદાવાદ.

* ૨૫૧ શ્રી સિકંદરાબાદ જૈન
શ્રી સંઘના જ્ઞાનખાતામાંથી હા. પં.
વસંતભાઈ એમ. શાહ મુંબઈ.

મુદ્રક :
**શ્રી** શકિત પ્રિન્ટરી
ઠક્કર પોપટલાલ ગોકળદાસ
ઘીકાંટા, **અમદાવાદ.**

શ્રી ગૌતમસ્વામિને નમઃ

# પ્રકાશકનું નિવેદન

દેવ-ગુરૂકૃપાએ ધાર્મિક કાર્યો કરવાની તક અમારા મંડળની સ્થાપના પછી અણધારી રીતે મળી આવે છે, તે અમારા સૌભાગ્યની વાત છે

અમારા મંડળ તરફથી ધાર્મિક પુસ્તકનું પ્રકાશન આ પહેલ-વહેલું છે. તેનો અમારા હૈયામાં અત્યંત આનંદ છે.

અમારા મંડળના સક્રિય કાર્યકર શ્રી બાબુલાલ કેશવલાલ શાહની વિજ્ઞપ્તિથી ઉજમફૂઇની ધર્મશાળા (ઝવેરીવાડ, વાઘણપોળ) એ ચાતુર્માસ બિરાજમાન પૂ. ઉપાધ્યાય **શ્રી ધર્મસાગરજી મ.**ના શિષ્ય પૂ. પં. મુનિ **શ્રી અભયસાગરજી મ.** શ્રીએ આગમવાચનાના મહોત્સવ પ્રસંગે તૈયાર કરેલ "આગમનાં અજવાળા" પુસ્તિકાનાપ્રકાશન માટેનો લાભ અમોને આપ્યો છે, તે અમારા મંડળની શુભ પ્રગતિનું ચિન્હ લાગે છે.

આ પુસ્તકાના પ્રકાશનમાં વિવિધ ધર્મપ્રેમી વ્યક્તિઓનો સાથ મળ્યો છે. નહીં તો ટૂંકા ગાળામાં દીવાળી ટાણે આ પ્રકાશન શક્ય ન બનત. છતાં ખાસ કરીને પં. શ્રી રતિલાલ ચી. દોશી (શ્રી હેમચંદ્રાચાર્ય પાઠશાળા અમદાવાદ) શ્રી હીરાભાઈ ડાહ્યાભાઈ ગાંધી (નગીના પોળ) શ્રી બાબુલાલ કેશવલાલ શાહ (ફત્તેહભાઈની હવેલી, રતન પોળ), શ્રી દીપકકુમાર બી. શાહ (પંચભાઇની પોળ)

તથા શ્રી પરેશકુમાર એન. શાહ (દોશીવાડાની પોળ)ના ખંતભર્યા સહકારની ધર્મસ્નેહભરી ખૂબ અનુમોદના કરીએ છીએ.

આ ઉપરાંત પૂ. મહારાજશ્રીની દેખરેખ તળે વાચનાના ચિત્રો તથા મુખપૃષ્ઠની ડિઝાઈન બનાવવા માટે ચિત્રકાર શ્રી દલસુખભાઇ વી. શાહ (સાબરમતી) તથા ઝડપી બ્લોક બનાવનાર તેમજ સુંદર છાપકામ કરી આપનાર શક્તિ પ્રિન્ટરીના માલિક શ્રી પોપટભાઈ ઠક્કર (ઘીકાંટા) તથા ટાઈટલ પેજ આદિ છાપી આપનાર દીપક પ્રિન્ટરીના કાર્યવાહકોની કાળજીભરી કામગીરીની અનુમોદના કરીએ છીએ.

છેવટે તીર્થંકર પરમાત્માની વાણીના ભવ્ય વારસાની જાળવણીની મહત્તા સમજાવનાર આગમવાચનાઓની માહિતી પૂરી પાડનાર આ પુસ્તિકાના પ્રકાશનમાં દૃષ્ટિદોષ, મુદ્રણદોષ આદિ કોઇ ક્ષતિ રહેવા પામી હોય તો તે ક્ષમા યાચવા સાથે વિષમ કળીકાળમાં આગમોના અવલંબને અમારી જીવનનૈયા સન્માર્ગ ઉપર કાયમ રહે તેવી મંગળ કામના.


વીર સં. ૨૪૯૯ — નિવેદક :
વિ. સં. ૨૦૨૯ આસો વદ ૧૧ — **શ્રી ચાણસ્મા જૈન મંડળ**
માણેકચોક—**અમદાવાદ.** — **અમદાવાદ.**

श्रीभटेवापार्श्वनाथ-स्वामिने नमः

# ચાણસ્મા જૈન મંડળ

## ટૂંક પરિચય

સ્થાપના–વિ. સં.
૨૦૨૭
શ્રા. સુ. ૩



ગગનચુંબી પાંચ શિખરી શ્રી ભટેવા પાર્શ્વનાથ જિનાલય
**ચાણસ્મા** ( ઉ. ગુ. )

આ મંડળની સ્થાપના વિ. સં. ૨૦૨૭ના શ્રાવણ સુદ ૩ના રોજ થઈ છે.

રાજનગર–અમદાવાદમાં વસતા ચાણસ્માના જૈનભાઈઓ સંગઠિતરૂપે

ધાર્મિક અને સામાજિક કાર્યો કરી શકે, તેવી શુભ ભાવનાથી આ મંડળની સ્થાપના થઈ છે.

જો કે આ પૂર્વે ઘણા વર્ષ અગાઉ પણ મંડળની સ્થાપના થયેલી, પરંતુ કેટલીક વિષમ પરિસ્થિતિના કારણે તે મંડળ લાંબો કાળ ટકી ન શક્યું. તેના થોડાક વર્ષ પછી ફરીથી પણ મંડળની સ્થાપના થઈ અને ઉત્સાહી યુવકોએ સારો ઉમંગ દાખવી મંડળની રૂમ પણ તૈયાર કરી. પરંતુ આર્થિક–વિષમ પરિસ્થિતિ અને સક્રીય કાર્યકર્તાઓની કાર્ય કરવામાં થોડી-ઘણી શિથિલતાને કારણે મંડળ ફરીથી નિષ્ક્રિય બની ગયું.

**આમ છતાં ચાણસ્માનું ક્ષેત્ર ધર્મપ્રેમી હોઈ અને ધર્મકાર્યોમાં ઉમંગી હોઈ તેના સંસ્કારોના પ્રભાવથી અમદાવાદમાં રહેતા ચાણસ્માના ભાઈઓએ વિ. સં. ૨૦૨૨ની સાલમાં ચાણસ્મા – પાંજરાપોળને આર્થિક રીતિએ સદ્ધર બનાવવા માટે મૂંગા ઢોરોની જીવદયાથી પ્રેરાઈને ચાણસ્મા જૈન યુવક મંડળ–મુંબઈએ સવાલાખ રૂપિયાનું ભંડોળ ભેગું કરવા પ્રયત્ન શરૂ કરેલ, તેમાં મંડળના સભ્યો નોકરીયાત હોવા છતાં પણ ૯,૦૦૦ હજાર જેવી વિશિષ્ઠ રકમ અમદાવાદમાંથી ભેગી કરી આપેલી.**

વિ. સં. ૨૦૨૪ની સાલમાં શ્રી ભટેવા પાર્શ્વનાથ જિનાલયની પ્રતિષ્ઠાને ૧૫૦ વર્ષ પૂરા થતા હોઈ **ચાણસ્મા જૈન શ્રી સંઘ** તરફથી સાર્ધશતાબ્દી મહોત્સવ ઉજવાયેલો તેમાં **અમદાવાદ** રહેતા **ચાણસ્માના** ભાઈઓએ રૂા. ૫૦૦૧) ભેગા કરી ઓચ્છવ દરમ્યાન એક દિવસની નવકારશી (જમણ) નો લાભ લીધો હતો. તેમજ તે મહોત્સવ પ્રસંગે પ્રગટ થયેલ ૧૨૦૦ પાનાંના મોટા દળદાર સ્મારક ગ્રંથના પ્રકાશનમાં રૂા. ૨૫૦૦) જેવી રકમ પણ આપેલી હતી.

વિ. સં. ૨૦૨૬ના ચોમાસામાં પૂ. આચાર્યશ્રી વ્યાખ્યાન વાચસ્પતિ **વિજયદક્ષ સૂરીશ્વરજી મહારાજ** (જેઓ **ચાણસ્માના** બાળ બ્રહ્મચારી દીક્ષિત છે)ની પ્રેરણાથી થયેલા **ચાણસ્માના** અઠ્ઠાઈ મહોત્સવમાં

**અમદાવાદ**માં વસતા **ચાણસ્મા**ના જૈનભાઈઓ તરફથી **સિદ્ધચક્રપૂજન** ભણાવાયેલું.

વિ. સં. ૨૦૨૭ના શ્રાવણ સુદ ૩ના મંગળ દિવસે હાલનું મંડળ સ્થપાયું છે મંડળના કાર્યકર્તાઓ સારા ઉત્સાહી છે, સામાજિક રીતે કેળવણી માટે ભંડોળ કરી વિદ્યાર્થીઓને નોટબુકો તેમજ પુસ્તકો વિનાઃ મૂલ્યે મંડળ તરફથી અપાય છે,

વિ. સં. ૨૦૨૯ના ચાલુ વર્ષે **ચાણસ્માના** પ્રાચીન ઉપાશ્રયના જીર્ણોદ્ધાર માટે તથા દહેરાસરમાં કાયમી કેસર–સુખડના ફંડ માટે ચાતુર્માસ બિરાજમાન પૂ. પં. **શ્રી દોલતસાગરજી** મ.ની પ્રેરણાથી પ્રથમ ચાણસ્મામાં રૂા. ૧૩,૦૦૦) જેવી માતબર રકમ ભેગી કરીને **ચાણસ્મા** શ્રી સંઘ તરફથી **શ્રી બાબુલાલ ગભરૂચંદ શાહ, શ્રી વીઠ્ઠલદાસ ઉત્તમચંદ શાહ** તથા **કંચનલાલ ગભરૂચંદ શીવલાલ શાહ મુંબઇ** અને **સુરત** ચાણસ્માના જૈનભાઈઓ પાસેથી રૂા. ૨૬,૦૦૦નું ભંડોળ કરી **અમદાવાદ** પધારેલા તે વખતે **અમદાવાદ** વસતા **ચાણસ્મા મંડળના ભાઈઓએ રૂા. ૬,૦૦૦) જેવી માતબર રકમ કરી આપેલ છે.**

આ પ્રમાણે આ મંડળ ધાર્મિક અને સામાજિક પ્રવૃત્તિઓમાં ઉમંગભેર આગળ ધપી રહ્યું છે, તે ઉપરાંત છેલ્લા ૧૭ વર્ષથી **શ્રી ભટેવા પાર્શ્વનાથ** પ્રભુની પ્રતિષ્ઠાની સાલગીરી ફાગણ સુદ ૩ ના રોજ જુદા જુદા તીર્થોમાં જઈ અમદાવાદમાં વસતા ચાણસ્મા જૈન મંડળના ભાઈઓ પૂજા, ભક્તિ, ભાવના, જમણવાર આદિ ભવ્ય રીતે (સંસારીક વેપાર–ધંધા આદિ બધી પ્રવૃત્તિઓ બંધ કરી) આનંદભેર ઉજવે છે. તેને સફળ બનાવનાર શ્રી દલપતરામ રિખવચંદ તથા અંબાલાલ બાબુલાલની કામગીરી છે.

અગાઉ સ્થપાએલા મંડળને વ્યવસ્થિત સક્રિય બનાવવા માટે અગત્યનો ફાળો આપનારા શ્રીમાન **સ્વ. શ્રી ભાયચંદ વાડીલાલ, મુરબ્બી સ્વ. શ્રી ચતુરચંદ પુંજીરામ, સ્વ.** શ્રી **જેશીંગભાઈ વાડીલાલ**

**વકીલ સ્વ. શ્રી રિખવચંદ ખુબચંદ, સ્વ. શ્રી ચુનીલાલ ગુમખરામ** અને **શ્રી પોપટલાલ ચતુરચંદ શાહ. ડૉ. શાંતિલાલ રવચંદ શાહ,** તથા **કાંતિલાલ મોતીલાલ, રીખવચંદ પાનાચંદ શાહ** આ અનેક મહાનુભાવોનો આર્થિક, બૌદ્ધિક આદિ વિવિધ **સહયોગ** પ્રાપ્ત થયો **છે,** વર્તમાનકાળે પણ આ મંડળને સફળ કાર્યક્ષમ બનાવવા માટે **શ્રી જયંતિલાલ ચતુરદાસ** (પ્રમુખ) તથા **શ્રી મનસુખલાલ ત્રિભોવનદાસ** (સેક્રેટરી) તથા **કાન્તિલાલ બુલાખીદાસ શાહ** (સક્રિય કાર્યકર) આદિ મહાનુભાવોએ એકબીજાના વિચારોમાં આવતા મતભેદને પણ ખુબ જ સહનશીલતા ઉદારતાથી ગૌણ કરી ખંતપૂર્વક સામાજિક અને ધાર્મિક કાર્યોમાં મંડળને યશસ્વી બનાવવા તનતોડ પ્રયત્નો કરી રહ્યા છે.

**વિશેષમાં આ મંડળને વ્યવસ્થિત અને સુંદર** કાર્યશીલ બનાવવા **માટે** મંડળની સ્થાપનાથી માંડીને સઘળી પ્રવૃત્તિઓમાં અચૂક ફાળો આપનાર **શ્રી રમણીકલાલ વાડીલાલ જાખાનાવાળા** તથા **શ્રી અશોકભાઈ સૂરજમલ શાહ,** બુક બેંકના સર્જક **શ્રી બાબુલાલ મણીલાલ શાહ** તેમજ મંડળની નાની મોટી સઘળી પ્રવૃત્તિઓની મૂંગી સેવા આપનાર **શ્રી બાબુલાલ કેશવલાલ શાહ**ની વિવિધ સેવાઓ દ્વારા મંડળની સદ્ધરતા થવા બદલ તેઓના ધર્મપ્રેમની હાર્દિક અનુમોદના આ પ્રસંગે અસ્થાને નથી

મંડળ તરફથી એક રૂમ સ્વતંત્ર પોતાની બનાવવાની ભાવના છે, જેથી ચાણસ્માના કોઈપણ જૈનભાઈને તકલીફ ન પડે, આ રૂમ માટે સારું એવું ભંડોળ ભેગુ કરી આપવા માટે **શ્રી રતિલાલ રિખવચંદ શાહે** (ઉપપ્રમુખે) પોતાના અંતરથી ધગશ બતાવી છે.

શાસનદેવની કૃપાથી મંડળનું આ કાર્ય તુર્ત પાર પડે એવી આશા રાખીએ છીએ

છેવટે અમારી શાસનદેવ પ્રતિ પ્રાર્થના છે કે અમારું આ મંડળ જ્ઞાની ગુરુ-ભગવંતની આજ્ઞા મુજબ વિવિધ ધર્મના કાર્યો કરી યશસ્વી નિવડે અને અમારી કાર્યશક્તિઓ શ્રી સંઘની સેવા દ્વારા સફળતા પામે તેવી મંગળ કામના.

વીરનિ સં ૨૪૯૯
વિ. સં ૨૦૨૯
આસો વદ ૮
માણેકચોક, **અમદાવાદ ૧**

નિવેદક
**શ્રી ચાણસ્મા જૈન મંડળ**
અમદાવાદ.

## વીતરાગ પ્રભુની વાણી કેવી?

વીતરાગ પરમાત્માની વાણી—
—મોહ વિષનું મારણ છે.
—ભવ દુઃખનું વારણ છે.
—શિવ સુખનું કારણ છે.

॥ श्री सुधर्मस्वामिने नमः ॥

# સંપાદકની વાત

મહામંગળકારી જિનશાસનના આરાધક પુણ્યશાળી મહાનુભાવોની દરેક નાની-મોટી આરાધનામાં ધ્રુવતારક તરીકે વીતરાગ-પરમાત્માની આજ્ઞાનું યથાર્થ પાલન હોય છે.

તે આજ્ઞાની સમજણ આગમિક પદાર્થોની જાણકારીઓ દ્વારા યોગ્ય ગીતાર્થ-જ્ઞાની પાસેથી પ્રાપ્ત થાય છે, અથવા યોગ્ય જ્ઞાની મહાપુરુષોના ચરણોમાં વિધિવત્ આત્મસમર્પણ કરવાથી મેળવાય છે.

આ ઉપરથી શ્રી જિનશાસનના આરાધક મહાનુભાવ માટે આગમો અને તેના દ્વારા સમ્યક્જ્ઞાનની પરિણતિ પામેલા જ્ઞાની મહાપુરુષોની નિશ્રા અત્યંત જરૂરી બાબત સમજાય છે.

આવા તરણ-તારણહાર શ્રી આગમો આ વિષમ કલિકાળમાં આંધ-ળાની લાકડી સમાન અગર ભીષણ કાજળ-ઘેરી અમાવાસ્યામાં માર્ગ ભૂલેલા મુસાફરને દીપક સમાન સ્વ-પર-કલ્યાણકારી નિવડે છે.

આ આગમો વીર નિ. સં. ૧૫૫ થી ૧૦૦૦ ના ગાળામાં ચાર ભયંકર બાર વર્ષી દુષ્કાળ અને અનેક રાજ્ય-વિપ્લવો, રાજકીય અંધાધુંધી, સાંપ્રદાયિક દ્વેષની જ્વાળાઓ આદિ રૂપે વિષમકાળના ઝપાટામાં અનેક રીતે ફસાઈ જવા છતાં પણ આપણા આગમધર મહાપુરુષો, અને દીર્ઘ-દષ્ટિ સંપન્ન શ્રમણસંઘે સમયે-સમયે ગીતાર્થ-સાધુઓના દોરવણી તળે આગમોનું સંકલન-સંરક્ષણ-અનુયોગવિભાજન-પુસ્તકારોહણ આદિ કરવા દ્વારા સુરક્ષિત ટકાવી રાખ્યા.

પાંચમા આરાના છેડા સુધી જયવંત રહેનાર જિનશાસનના આરાધક મુમુક્ષુ કલ્યાણકામી જીવોને પરમાધાર સ્વરૂપ આગમો ભલે અપેક્ષાકૃત

પ્રમાણની દૃષ્ટિએ નજીવા પણ મૂળ તીર્થંકરદેવની વાણી રૂપે છે. તેને સુરક્ષિત રાખવા રૂપે આગમોનો વારસો આપણને ગુરુ-પરંપરાએ મળ્યો છે.

**આગમોના આ વારસાને સુવ્યવસ્થિત રાખનારી આપણા પૂર્વ મહા-પુરુષોની કુનેહભરી-ગીતાર્થપણાના ફળસ્વરૂપ-દીર્ઘ દૃષ્ટિબળે યોજાયેલ.** વિવિધ કાર્યપદ્ધતિનો ખ્યાલ મેળવવા માટે **આગમવાચનાઓનો ટૂંક** પરિચય મેળવવો જરૂરી છે.

જન સાધારણમાં **આગમવાચના**ના નામે **માથુરી** અને **વાલભી** આ બે જ વાચના પ્રસિદ્ધ છે.

તેમાં **માથુરી** વાચના **પૂ. આ. સ્કંદિલાચાર્ય મહારાજે** કરી અને **વાલભી** વાચના **પૂ. આ. શ્રી દેવર્દ્ધિગણીક્ષમાશ્રમણે** કરી આટલી જ વાત **આગમવાચના** શબ્દથી ભણેલા વર્ગમાં પણ ઘણીવાર જાણવા મળે છે.

પરંતુ કરાળ કળિકાળ-હુંડા-અવસર્પિણીના દુષમ આરાના કારણે વીર નિ. સં. ૧૫૫ થી ૧૦૦૦ **સુધીમાં ભયંકર રાજ્ય વિપ્લવો, રાજકીય અંધાધુંધી અને બાર વર્ષના ચાર મહા ભયંકર દુષ્કાળો** (જેમાં લાખ સોનૈયે હાંડા જેટલા ભાત મળવા જેવી કટોકટી ઉભી થયેલી) **આદિ મહાવિષમ વાતાવરણમાં આરાધક પુણ્યાત્માઓના જીવન-પ્રાણસમા આગમોના વારસાને શ્રુતધર મહાપુરુષોએ વિશિષ્ટ ઉપાયો દ્વારા યથાશક્તિ સુરક્ષિત** રાખવા માટે છ વખત **શ્રમણ સંઘના એકત્રીકરણ દ્વારા** ગીતાર્થ **મહા-પુરુષોની** દોરવણી તળે **આગમવાચનાઓ થઈ છે.**

આ વાત આગમોના ઉંડા અભ્યાસી અને શાસ્ત્રમર્મજ્ઞ મહાપુરુષોના ધ્યાન બહાર ન જ હોય પણ જન-સાધારણમાં પણ આ વાચનાઓના સ્વરૂપની જાણકારી થાય તો પૂર્વના મહાપુરુષોની અવિરુદ્ધ શ્રુતભક્તિની અનુમોદના સાથે વર્તમાનકાળે પણ શાસ્ત્રીય મર્યાદાઓને સામે રાખી ગીતાર્થ મહાપુરુષોની દોરવણી મુજબ આગમોના વારસાને સુરક્ષિત રાખવા યથાશક્ય સક્રિય પ્રયત્નો થઈ શકે!!!

આ ઉદ્દેશ્યને નજર સામે રાખી પ્રસ્તુત પુસ્તિકાનું સંપાદન આગમ મમજ્ઞ પૂજ્યપાદ **આગમોદ્ધારકશ્રી**ના સ્વર્ગવાસ પછી પ્રથમ સ્વર્ગતિથિ **પ્રસંગે** પૂ. આગમોદ્ધારક આચાર્યદેવશ્રીના અગણિત ભાવ-ઉપકારોના ભાર તળે દબાયેલ આ પંક્તિઓના લેખકે **સ્વ. પૂ. શ્રી દર્શનવિજયજી મ. "ત્રિપુટી"**ના સહયોગથી અનેક ગ્રંથો (જે ગ્રંથોની નોંધ આ પુસ્તિકાના ટાઈટલ પાના-૩ ઉપર આપી છે)નું મહિનાઓ સુધી અવગાહન કરી "**આગમ વાચનાનો સળંગ ઇતિહાસ**" નામે **શ્રી સિદ્ધચક્ર** (વર્ષ ૧૭ અંક ૯ વિ. સં. ૨૦૦૭ના જેઠ તા. ૧૭-૬-૫૧ ના અંક) માં (પૃ. ૧૭૨ થી ૧૮૨) લખેલા નિબંધ ઉપરથી નવી મળેલી નોંધો અને વિગતો ઉમેરી હરેક વાચનાના પ્રસંગને સમજાવનારા નવા ચિત્રો બનાવી વિશિષ્ટ માહિતી-સભર લખાણ તરીકે કરવાનો લઘુ પ્રયત્ન કર્યો છે.

આ પ્રસંગે એક વાતનું સૂચન કરવું વ્યાજબી ગણું છું કે પૂ. **આગમપારદૃશ્વા ધ્યાનસ્થ સ્વર્ગનિષ્ઠ આગમોદ્ધારકશ્રી**ના ગુણાનુરાગી ભક્ત **શ્રી રતિલાલ પાનાચંદ ગાંધી** (વેજલપુર-ડેરોલ)ની પૂ. આગમોદ્ધારક આચાર્યદેવશ્રીએ વિ. સં. ૧૯૭૧ થી ૧૯૭૧ દરમિયાન કરેલી ૭ વાચનાઓથી તે વખતના શ્રમણસંઘના આગમોના અભ્યાસ-વાંચન તરફ થયેલ ઝુકાવની જેમ ૬૦ વર્ષ પછીના આ કાળે નવા કાલ તરીકે વિશિષ્ટ—શક્તિસંપન્ન શ્રમણો-શ્રમણીઓમાં આગમિક જ્ઞાનનો વધારો થાય તે હેતુથી નાના રૂપમાં પણ **આગમવાચના** કરાવવાની પ્રબળ ભાવનાનુસારે **વેજલપુર જૈન શ્રીસંઘના** સહકારથી **વેજલપુરના** આંગણે વિ. સં. ૨૦૨૪ના પોષ સુ. ૫ થી ફા. સુ. ૫ સુધી ઉપધાન તપની ભવ્ય આરાધના કરાવવા સાથે ૧૦૦ સાધ્વીઓ અને ૪૦/૫૦ સાધુઓને આમંત્રિત—પૂ૦ ગચ્છાધિપતિ આચાર્યદેવના વરદ આશીર્વાદથી ભવ્ય **આગમવાચના** કરાવેલ.

**ત્યારથી આ પંક્તિઓના લેખકના મનમાં એ વાત ચોક્કસ થયેલ કે**

આજે શ્રમણસંઘમાં આવી આગમવાચનાઓ દ્વારા આગમોના અભ્યાસ તરફ ઝોક વધારવાની જરૂર છે.

તેથી આ વખતના ચોમાસામાં રવિવારના જાહેર વ્યાખ્યાનો કે બીજી કોઈ પ્રવૃત્તિની વાત આવતાં **આગમવાચના**ની વાત રજૂ કરી.

અને અષાડ સુદ ૨ થી નિયમિત કા. ૧૩ સુધી (અસજ્ઝાયના દિવસો સિવાય) રોજ ૨ાા થી ૪ (બપોરે) સારી રીતે ચાલી.

જેમાં ૩૫ થી ૪૦ સાધુઓ, ૭૦ થી ૮૦ સાધ્વીઓ નિયમિત લાભ લેતા હતા.

આગમવાચનામાં નીચે મુજબના આગમો અર્થ સાથે વંચાયા.

**૧ શ્રી આચારાંગ સૂત્ર ભાગ ૧**

**૨ શ્રી આચારાંગ સૂત્ર ભાગ ૨**

**૩ શ્રી ઉપાસક દશાસૂત્ર**

**૪ શ્રી અંતગડ સૂત્ર**

**૫ શ્રી અનુત્તરૌપપાતિક સૂત્ર**

**૬ શ્રી પ્રશ્નવ્યાકરણ સૂત્ર**

**૭ શ્રી વિપાક સૂત્ર**

**૮ શ્રી આવશ્યક સૂત્ર ભા. ૨ (અપૂર્ણ)**

આ પ્રસંગે ધર્મપ્રેમી જનતાના હૈયામાં **આગમવાચનાઓ**ની જાણકારી વધુ સ્પષ્ટ અને ચોક્કસ રીતે અંકિત થાય તે માટે પ્રસ્તુત પુસ્તિકાનું સંપાદન કર્યું છે.

પ્રસ્તુત સંપાદનમાં ખૂબ જ કાળજી, ચોકસાઈ રાખવા છતાં પણ છદ્મસ્થતાના કારણે કે ક્ષયોપશમની મંદતાથી હકીકત દોષ કે દૃષ્ટિદોષ વગેરેની

કાંઈ ક્ષતિ હોય તો તે સંબંધી સકળ શ્રીસંઘ સમક્ષ હાર્દિક મિથ્યાદુષ્કૃત આપી શ્રી જિનશાસનના આધારસ્થંભ સમા આગમોના વારસાનું શાસ્ત્રીય મર્યાદાપૂર્વક સુરક્ષિત કરવાના સૌભાગ્યની મંગળ કામના સાથે વિરમું છું.

**ઊજમફઈ જૈન ધર્મશાળા**
(વાઘણપોળ ઝવેરીવાડ)
વીર નિ. સં. ૨૪૯૯
વિ. સં. ૨૦૨૯
આસો વદ ૧૦ રવિવાર

નિવેદક,
શ્રમણ સંઘ સેવક
**પૂ. ઉપાધ્યાય ગુરુદેવશ્રી ધર્મસાગરજી મ.**
ગણિવર શિષ્યાણુ
**મુનિ અભયસાગર**



॥ नमः श्रीवर्द्धमानस्वामिने ॥

# આગમનાં અજવાળાં

卐

(પ્રભુ મહાવીર સ્વામીના નિર્વાણથી ૧૦૦૦ વર્ષ સુધીમાં થયેલ આગમવાચનાઓની ટૂંક માહિતી.)

## શ્રુતજ્ઞાનની મહત્તા

જૈનશાસનને પામેલ પ્રાણી એક વાત સ્પષ્ટ સમજી શકે છે કે અનાદિકાલીન કર્મોના બંધનમાંથી છૂટયા વિના જીવનમાં યથાર્થ શાન્તિ કયારેય પણ મેળવી શકાય તેમ નથી.

કર્મોના બંધનમાંથી છૂટકારો બંધના કારણોની યથાર્થ જાણકારી સિવાય શકય નથી. તેથી મોક્ષમાર્ગના કલ્યાણયાત્રીને સમ્યક્જ્ઞાન દ્વારા કર્મ-બંધના કારણો-આશ્રવના સ્થાનોની જાણકારી સૌથી અગત્યની છે.

આ દૃષ્ટિએ પ્રભુશાસનમાં વીતરાગપ્રભુએ નિર્દેશેલ મોક્ષમાર્ગની આરાધના માટે ગુરુના ચરણોમાં બેસી શ્રુતજ્ઞાનની આરાધના સૌથી વધુ મહત્ત્વપૂર્ણ જણાય છે.

આવું શ્રુતજ્ઞાન વીતરાગપ્રભુના શાસનમાં અર્થથી તીર્થંકરદેવોએ ભાખેલ અને સૂત્રથી ગણધરોએ ગૂંથેલ હોય છે.

---

શ્રુતજ્ઞાનાવરણી તણો, તું પ્રભુ ટાલણહાર ।
ક્ષણમેં શ્રુતકેવળી કર્યા, દઈ ત્રિપદી ગણધાર ॥

આ શ્રુતજ્ઞાન વિષય, પ્રમાણ અને સ્વરૂપની દષ્ટિએ કેવળ-જ્ઞાનથી અનંતમા ભાગે છતાં સ્વ-પરહિતકારિતાની અપેક્ષાએ પાંચે જ્ઞાનમાં શ્રેષ્ઠ અને સર્વોત્તમ જણાવેલ છે. કહ્યું છે કે-"ચઉ મૂંગા શ્રુત એક છે, સ્વ-પર પ્રકાશક ભાણ."

## શ્રુતજ્ઞાનની ઉપકારિતા

આ શ્રુતજ્ઞાનની ઉત્પત્તિના આધારે જ ચતુર્વિધ સંઘની વ્યવસ્થા થાય છે, આવું વિશિષ્ટ શ્રુતજ્ઞાન જ્ઞાનાચારની મર્યાદાઓના પાલન સાથે આત્માના અનંતગુણોને આવરીને રહેલ મોહનીય કર્મના આવરણને ભેદવા સમર્થ બને છે.

આવા શ્રુતજ્ઞાનના આધારે વિષમ નાગ જેવા ભયંકર પંચમ કાળમાં પણ આરાધક પુણ્યાત્માઓ જ્ઞાનીની નિશ્રાએ આરાધકભાવ કેળવી જીવન સફળ બનાવી રહ્યા છે.

આવું પરમોપકારી પતિતપાવન શ્રતજ્ઞાન આપણને વારસામાં શી રીતે મળ્યું છે? ભૂતકાળમાં આ શ્રુતજ્ઞાનના સંરક્ષણમાં પુનિત નામધેય પ્રત્યૂષસ્મરણીય મહાનુભાવોએ કેવા આદર્શ-ઉદાત્ત આત્મભોગ આપેલ છે? તે બધું જાણવું જરૂરી છે.

આ માટે સમયે સમયે આગમોની થયેલ જાળવણી-સાચવણીના વિધવિધ ભગીરથ પ્રયત્નો આદિનો ખ્યાલ આપવા માટે પ્રભુ મહાવીર પરમાત્માના શાસનમાં પ્રભુ મહાવીરદેવ પરમાત્માના નિર્વાણથી ૧૦૦૦ વર્ષના ગાળામાં ભયંકર બાર વર્ષના ચાર દુષ્કાળના કારણે

---

ગીતારથ વિણ ઉગ્રવિહારી, તપિયા પણ મુનિ બહુલ સંસારી ।
અલ્પાગમ તપ કલેશ તે જાણો, ધર્મદાસ ગણી વચન પ્રમાણો ॥

તેમજ કાળબળના કારણે આગમોની સુરક્ષા માટે થયેલી છ આગમ વાચનાઓ સંબંધી ટુંક માહિતી રજુ કરવા નમ્ર પ્રયાસ છે.

## આગમોના પ્રણેતા કોણ? અને કેવા

અનાદિ અનંત આ સંસારમાં કર્મવશ પરિભ્રમણ કરતા આત્માને વાસ્તવિક સ્વરૂપનું ભાન ન હોવાને કારણે અસત્ પદાર્થોમાં મમ ભાવાદિ દ્વારા સુખ-શાંતિ-કલ્યાણની નિરંતર ચાહના છતાં પોતાનાજ હાથે પ્રગટાવેલ અશાંતિ-દુઃખના દાવાનલના દારુણ વિપાકો સહવા પડે છે, આમ ન થવા માટે યોગ્ય હિતમાર્ગના સંપૂર્ણ જાણકાર-પ્રધાન-આપ્તપુરુષની દોરવણી સફળ થઇ શકે,

આવા આપ્ત પુરુષ તરીકે પ્રભુ પરમાત્મા અનેક જન્મ-જન્માંતરોની પ્રબળ આરાધનાના બળે તીર્થંકરરૂપે થઇ સર્વહિતકારિણી દેશનાદ્વારા જગતના સર્વ જીવોને આત્મ સ્વરૂપનું યથાર્થ ભાન કરાવવામાં સમર્થ થાય છે,

પરંતુ આવા નિષ્કારણ કરુણાભર્યા મહાપુરુષોની સદાકાળ હાજરી જગત્માં સંભવે નહિ, અને હોય ત્યારે પણ દરેક ક્ષેત્રના માનવો એક સરખો લાભ તેમના ઉપદેશનો લઈ શકે નહિં.

## આગમોની રચનાનું મહત્ત્વ

આવા બધા અનેક દીર્ઘદર્શિતાપૂર્વકના હેતુઓ વિચારી વિશિષ્ટ-શક્તિસંપન્ન, ગણધર-નામકર્મની લબ્ધિવાળા મહાપુરુષોએ તીર્થંકર-પ્રભુએ ઉચ્ચારેલી એકાંત હિતકર, આત્મસ્વરૂપાવગાહી વાણીને

---

ઘનઘાતી ઘાતે કરી, જેહ થયા મુનિ ભૂપ ।
બહિરાતમ ઉચ્છેદીને, અંતર આતમરૂપ ॥

સૂત્રરૂપે ગૂંથી શિષ્ય-પ્રશિષ્યોને ગ્રહણ-ધારણ-ઉપદેશાદિ કરવામાં સુગમતા કરી, અને ત્યાર પછીના પણ સમર્થ મહાપુરુષોએ સુયોગ્ય રીતિએ તે આગમના વારસોને સાચવવા અનેક પ્રયત્નો કર્યા છે.

## આગમધર-મહાપુરુષોનું પવિત્ર માનસ.

નિષ્કારણ-વત્સલતાપૂર્ણ તે મહાપુરુષોનું હૈયું નિષ્કારણ કરુણા ભર્યા ઉપકારની અપૂર્વ ઉચ્ચ ભાવનાઓથી એવું ભરેલું હતું, જેમાંથી કે ભાવી વિષમ દુઃષમારાના વિકટ કાળબળના પ્રભાવથી મેધા-શ્રદ્ધા ધારણાદિ શક્તિઓના હ્રાસને અવલોકી-વિચારી એ છે-વધને અંશે પણ પ્રભુની વાણીના મૂલ ઝરામાંના કંઈક વારસામાં મળે-રહે-અને પરિણમે એ આશયથી સમયે-સમયે યોગ્ય સદુપાયો એવા યોજતા ગયા જેનાથી કે આજે અઢી હજાર વર્ષ જેટલો સમય પસાર થયા પછી પણ ખુદ તીર્થંકર પ્રભુની મૂલ વાણીનો રસાસ્વાદ કરી શકવા આપણે ભાગ્યશાળી બન્યા છીએ, ભલે! આજે તે વાણી પૂર્વકાલના તેના સમુદ્રસમ-પ્રમાણની અપેક્ષાએ બિંદુ પ્રમાણ હોય! પણ છે, તે તો મૂલ પ્રભુની ઉચ્ચારેલી અને સંગ્રહાએલીજ વાણી છે!!!

## પ્રસ્તુત પુસ્તિકાનું પ્રયોજન

આ વાત વાંચકોના ખ્યાલમાં લાવવા માટે આગમોની રચના થયા બાદ કયે પ્રસંગે? કેવા સંજોગોમાં? કયા કયા આચાર્યોએ? કઈ રીતે આત્મભોગ આપી? પ્રભુશાસનના પ્રાણાધાર તુલ્ય આગમોના

---

જ્ઞાન દશા વિણુ તપ જપ, કિરિયા કરત અનેક ।
ફળ નવિ પામે રાંક તે, રણમાં રોળ્યો એક ॥

મૂળ વારસાને સાચવી રાખ્યો છે? અને બનતા પ્રયત્નો દ્વારા જગતના હિત સાધવાના કાર્યમાં કેટલો વેગ આપ્યો છે?

આ બધું વ્યવસ્થિત રીતે જણાવનારી આ પુસ્તિકાને સર્વ વાંચકો વાંચી-વિચારી પૂર્વાચાર્યોએ અનુપમ પ્રયત્નો દ્વારા અવ્યુચ્છિત્તિના મૂળ હેતુને લક્ષ્યમાં રાખી આગમોની જે સુંદર સેવા કરી છે, તે સમજી પોતાની શક્તિનો આ બાજુ યથાયોગ્ય સદુપયોગ કરે.

## આગમોની રચના.

**પ્રભુ મહાવીર સ્વામીના** ચાલુ શાસનની અપેક્ષાએ વીર નિ. સં. પૂર્વે ૨૯ વિક્રમ સં. પૂર્વે ૪૯૯ લગભગમાં વૈ. સુ. ૧૧ ને દિને **પ્રભુ મહાવીરદેવની** ત્રિપદી પામીને આદ્ય ગણધર, અનંત લબ્ધિ નિધાન શ્રી ઇંદ્રભૂતિ **ગૌતમસ્વામીજી** આદિ ગણધરોએ આગમોની રચના કરી, અને તીર્થંકર પ્રભુએ તેની યથાર્થતા ગણાનુજ્ઞા-શાસનાનુજ્ઞા આદિના વાસક્ષેપથી જાહેર કરી. (જુઓ ચિત્ર નં. ૧) પછી ગણધરના શિષ્યો મુનિઓ યથાયોગ્ય વિનય-મર્યાદા મુજબ ગુરુ પાસેથી મુખપાઠ રીતે દ્વાદશાંગીનો અભ્યાસ કરતા હતા. લખીને કે લખેલ પુસ્તકો દ્વારા ભણવા માટે તે વખતે પ્રતિબંધ હતો.

## પહેલી આગમ વાચના.

ત્યારબાદ **પ્રભુ મહાવીર સ્વામીની** પટ્ટ પરંપરામાં પાંચમા શ્રુતકેવલી તરીકે પ્રસિદ્ધ **શ્રી ભદ્રબાહુ સ્વામીજીના** સમયમાં વિષમ કાલ-બલના પ્રભાવે ભયંકર બારવર્ષી દુકાલ પડેલ.

---

તેલી-બળદ પરેં કષ્ટ કરે, જીઉ વિણ શ્રુત-લહેર ।
નિશિ-દિન નયન મિંચાણે, ફરતો ઘેરનો ઘેર ॥

જે દુકાલમાં ગોચરીની મુશ્કેલી થવાથી બધા સાધુઓ અનુકૂળતા મુજબ વેરવિખેર થઈ ગયેલ. મોટો ભાગ સમુદ્ર કિનારાના પ્રદેશો, અને ભારત વર્ષના પૂર્વ અને ઈશાન ખૂણા તરફ ચાલ્યા ગયા. કારણ કે ત્યાં મોટી નદીઓ હોવાના કારણે દુષ્કાલની અસર નહીં જેવી હતી.

તેમજ રાજ્યક્રાંતિની અસર ત્યાં થોડી હતી, કેમકે તે વખતે વીર નિ. સં. ૧૫૫ લગભગમાં **નંદવંશના** સામ્રાજ્યનો પલટો થવાથી દેશમાં ભયંકર આંધી વ્યાપેલ, જૈન શ્રમણોના વિહારના કેન્દ્રરૂપ **મગધદેશની** રાજધાની પટણા અને પંજાબ વચ્ચેના પ્રદેશો તો ભીષણ પરિસ્થિતિમાં હતાં.

આ રીતે જૈન શ્રમણો વિખરાઇ જવાથી આગમોનું પઠન-પાઠન ખૂબ જ અવ્યવસ્થિત થઇ ગયેલ, ઘણા ખરા જ્ઞાની ભગવંતો સ્વર્ગે પધારી ગયા, બાકી રહ્યા જ્ઞાનીઓનું જ્ઞાન પણ શીર્ણ થવાની સ્થિતિમાં હતું. (જુઓ ચિત્ર ૨)

પરિણામે કંઠસ્થ-મુખપાઠની પદ્ધતિ ઉપર ચાલ્યા આવતા જિનાગમને આ બારવર્ષી દુકાળથી મોટો ધક્કો પહોંચેલો.

આ પરિસ્થિતિને પહોંચી વળવા દુકાળ પૂરો થયા પછી પાટલીપુત્ર (પટના-બિહાર)માં વીર નિ. સં ૧૬૦ લગભગમાં પૂ. **શ્રી. સ્થૂલભદ્ર સ્વામીની** અધ્યક્ષતામાં શ્રમણ-સંઘે ભેગા થઈ

---

જ્ઞાન પ્રથમ પછી જયણા, દશવૈકાલિક વાણ ।
જ્ઞાનને સુરતરૂ ઉપમા, જ્ઞાનથી ફળ નિર્વાણ ॥

એને જે યાદ હતું તે બધું સાંભળી ગીતાર્થોની સલાહ મુજબ દ્વાદશાંગીની સંકલના વ્યવસ્થિત કરવાનો પ્રયત્ન કર્યો.

આ રીતે **પ્રભુ મહાવીર દેવના** શાસનના સંચાલક ગણધરોએ રચેલ દ્વાદશાંગ આગમોને દુકાલના કારણે નષ્ટ થતા અટકાવવા **પાટલીપુત્ર** (પટણા–બિહાર)**માં પૂ. શ્રી૦ સ્થૂલભદ્રસ્વામીની** અધ્યક્ષતામાં **વીર નિ. સં. ૧૬૦** લગભગમાં **પ્રથમ** આગમ વાચના થઈ.

આ પ્રથમ વાચનાનું નામ '**શ્રી દ્વાદશાંગ–શ્રુતસંકલન વાચના**' લાગે છે, કેમકે આ વાચનામાં ૧૧ અંગો–વ્યવસ્થિત થયેલા, પણ પછી ત્રુટિત રૂપમાં મળતા બારમાં અંગ (દૃષ્ટિવાદ) માટે **પૂ. સ્થૂલભદ્રસ્વામીજી** આદિ ૫૦૦ સાધુઓને મગધના શ્રમણસંઘે નેપાળ દેશમાં મહાપ્રાણ ધ્યાનમાં વિરાજમાન ચૌદ પૂર્વધારી પૂ. આ. શ્રી **ભદ્રબાહુસ્વામીજી** મ. પાસે મોકલેલ, જેમાંથી બીજા બધા કાળક્રમથી કંટાળી જઈ એકલા પૂ. સ્થૂલભદ્રસ્વામી ૧૦ પૂર્વ સુધી સૂત્ર–અર્થથી બરાબર ભણ્યા અને પછી વિષમ કલિકાળના પ્રભાવથી બહેનોને વિદ્યા બતાવવાની અહંભાવની વૃત્તિના કારણે સિંહરૂપની વિકુર્વણાની ભૂલના કારણે છેલ્લા ચાર પૂર્વો સૂત્રથી જ મેળવી શક્યા.

**બીજી આગમ વાચના.**

ત્યારબાદ જિનકલ્પીના અભ્યાસક **પૂ. આ૦ શ્રી આર્યમહાગિરિજી**ના ગુરુભ્રાતા પૂ૦ આ. **શ્રી આર્યસુહસ્તિસૂરિ**–પ્રતિબોધિત

---

જ્ઞાનથી સાસ ઉસાસમાં, કઠિન કરમ ક્ષય જાય ।
ફલ—વંચકતા તસ ટળે, જોગાવંચક થાય ॥

પ્રભુ–શાસનના પરમભક્ત સમ્રાટ સંપ્રતિએ વીર નિ. સં. ૧૬૦માં જિનાગમની સાચવણી સુરક્ષિત રહે, તે હેતુથી પાટલીપુત્રમાં થયેલ આગમ વાચનાને ખ્યાલમાં રાખી મુનિઓના અ–સંગજીવનના કારણે કાયમ સમૂહરૂપે ન રહી શકવાથી તેમજ રાજ્યકાંતિના વિપ્લવોનાં લીધે મુખપાઠ રીતે જિનવાણીને સાચવવામાં અનેક અંતરાયો ઊભા થતા હતા અને જિનવાણીને મુખપાઠ રાખનારા મુનિઓની સંખ્યા ઘણી ઓછી થતી જતી હતી, તે કારણે પૂ. આ. સુહસ્તિસૂરિ મ.ને વિજ્ઞપ્તિ કરી ઉજજૈનમાં પૂ. આ. સુહસ્તિ સૂરિ. મ.ની અધ્યક્ષતામાં શ્રમણસંઘ એકત્રિત કરી બીજી આગમ વાચના કરાવી. (જુઓ ચિત્ર નં. ૩)

આ વાચનાનો ચોક્કસ સમય ઉપલબ્ધ નથી, પણ પૂ. આ. સુહસ્તિસૂરિનો જન્મ વીર નિ. સં. ૧૯૧ માં, દીક્ષા ૨૧૫ માં, યુગ પ્રધાનપદ ૨૪૫ માં, ૨૯૧ માં સ્વર્ગવાસ હોઈ તેમના યુગપ્રધાનકાલ દરમ્યાનનો વીર નિ. સં. ૨૪૫ થી ૨૯૧નો હોય એમ જણાય છે.

આ વાચનાનો ઉલ્લેખ શ્રી નંદીસૂત્રમાં જેમના પુણ્ય નામનો ઉલ્લેખ પૂ. આ. શ્રી દેવવાચકગણીએ કરેલ છે, તે પૂજ્યશ્રી હિમવંત ક્ષમા–શ્રમણના જીવનપરિચયને દર્શાવનાર શ્રી હિમવંતસ્થવિરાવલી ગ્રંથમાં છે.

આ વાચનાનું સમર્થન वीर निर्वाण संवत और जैन काल गणना ગ્રંથ, જૈન પરંપરાનો ઇતિહાસ (ત્રિપુટી મ.) તેમજ સમ્રાટ્ ખારવેલના જીવનચરિત્રમાંથી મળે છે.

---

ભણે ભણાવે સિદ્ધાંતને, લખે લખાવે જેહ રે ।
તસ અવતાર વખાણીયે, વિજયલક્ષ્મી ગુણગેહ રે ॥

આ વાચનાનુ નામ '**આગમ-સંરક્ષણ વાંચના**' લાગે છે, કેમકે રાજ્યક્રાંતિના કારણે અંધાધુંધી દરમિયાન આગમોના પઠન-પાઠનની વ્યવસ્થામાં આવેલી ખામીને દૂર કરવા માટે **સમ્રાટ્ સંપ્રતિએ** આ વાચના કરાવ્યાનો ઉલ્લેખ આને લગતા વર્ણન ગ્રંથોમાં મળી આવે છે.

**ત્રીજી આગમવાચના.**

સમ્રાટ સંપ્રતિએ **જૈનધર્મની** ઉપર દૃઢ અનુરાગ ભક્તિના કારણે પ્રભુવાણીની મહત્તા ફેલાવવા આગમ-વાચના કરાવેલ સાથે દૂર-સુદૂરના પ્રદેશોમાં વિચરતા શ્રમણોનો આગમાભ્યાસ નિયમિત ચાલુ રહે, તેવા પણ અનેક આયોજનો કરેલા, પણ તેના સામ્રાજ્ય પછી થોડાંક વર્ષોમાં રાજ્ય-ક્રાન્તિનો એવો જબ્બર આંચકો-ધક્કો લાગ્યો કે જિનાગમની રક્ષાનું કામ કપરૂં થઈ પડયું.

કારણ કે મૌર્યરાજવંશીઓનો સેનાપતિ પુષ્યમિત્ર રાજદ્રોહ કરી પટણાની ગાદીએ રાજા બની બેઠો અને ધર્માંધ બની સમ્રાટ **સંપ્રતિએ** અથાગ પ્રયત્નો દ્વારા કરેલી **જૈનધર્મની** પ્રભાવના નહીં સાંખી શકવાથી જૈન શ્રમણો અને બૌદ્ધ શ્રમણોના શિરચ્છેદ કરાવી કાળો કેર વર્તાવ્યો, સાધુઓને પ્રાણ બચાવવા ભારે થઈ પડયા, તેથી જૈન શ્રમણો જેમ તેમ કરી એકદમ **કલિંગદેશ** તરફ ચાલ્યા ગયા, કારણ કે **કલિંગ મગધની** સત્તાની બહારનો દેશ હતો, અને **કલિંગાધિપતિ મહામેઘવાહન ખારવેલ મહારાજા** પરમ જૈન હતા.

---

તુમે આગમ પૂજા કરજો રે—હો મનમાન્યા મોહનીયા ॥
તુમે ભવસાયરને તરજો રે—હો મનમાન્યા મોહનીયા ॥

આ સમયે પ્રાણ બચાવવાની દોડધામમાં અનેક જિનાલયો તથા આગમોના-પઠન પાઠનની વ્યવસ્થાને જબ્બર ધક્કો પહોંચ્યો,

કલિંગાધિપતિ મહારાજા ભિક્ખુરાય ખારવેલે એક સામાન્ય સેનાપતિ મગધ જેવા પવિત્ર દેશમાં ધર્માંધતાભર્યો ઝનૂનના બળે આવો ઉત્પાત મચાવી નિષ્કારણ લોહીની નદીઓ વહેવડાવે તે અનુચિત સમજી તુરત ચઢાઈ કરી પટણામાંથી પુષ્યમિત્રને પંજાબ બાજુ ભગાડી મૂકયો અને અશાંતિ-ઉપદ્રવનું વારણ કર્યું, કલિંગમાં આવ્યા પછી દોડધામમાં આગમોના અધ્યયનની પરિપાટી અવ્યવસ્થિત થઈ જવાના કારણે વિણસી જતા આગમોને બચાવવા મહામેઘવાહન ખારવેલે વિનંતી કરી પૂ. આ૦ સુસ્થિતસૂરિ અને પૂ. આ૦ સુપ્રતિબદ્ધસૂરિની અધ્યક્ષતામાં શત્રુંજયાવતાર-તીર્થ સ્વરૂપ કુમરગિરિ ઉપર ઉપર બૃહદ્ શ્રમણસંઘનું સંમેલન કરી ત્રીજી આગમ વાચના કરાવી. (જુઓ ચિત્ર નં. ૫)

આ વાચનામાં અગિયાર અંગો અને દશ પૂર્વોના પાઠો વ્યવસ્થિત કરવામાં આવ્યા હતા.

પૂ. આ૦ બલિસ્સહસૂરિએ આ વાચના પ્રસંગે વિદ્યાપ્રવાદ પૂર્વમાંથી અંગવિદ્યા વગેરે શાસ્ત્રોનો ઉદ્ધાર કરેલ.

આ વાચનાનો ઉલ્લેખ અતિ પ્રાચીન હિમવંત સ્થવિરાવલી નામક ઐતિહાસિક ગ્રંથમાં છે, અને વધારામાં ત્યાં જણાવ્યું છે કે—

---

એ આગમ અનુભવ દરીયો રે-હો મનમાન્યા મોહનીયા ॥
એ તો સ્યાદ્વાદ રસ ભરીયો રે-હો મનમાન્યા મોહનીયા ॥

'આ મુનિ-સંમેલનમાં જિનકલ્પીની તુલના કરનાર પૂ. આ૦ મહાગિરિના શિષ્યો-પ્રશિષ્યો આ૦ બલિસ્સહસૂરિ, દેવાચાર્ય, આ૦ ધર્મસેન વગેરે ૨૦૦ શ્રમણો, આ. સુસ્થિતસૂરિ વગેરે સ્થવિર કલ્પી ૩૦૦ શ્રમણો, આર્યા પોઈણી વગેરે ૩૦૦ શ્રમણીઓ, સીવંદ, ચૂર્ણક, સેલગ વગેરે ૭૦૦ શ્રાવકો અને પૂર્ણમિત્રા વગેરે ૭૦૦ શ્રાવિકાઓ એકત્રિત થયા હતા.'

આ વાચનાનો સમય મહામેઘવાહન કલિંગાધિપતિ સમ્રાટ્ ખારવેલના રાજ્ય સમય વીર નિ. સં ૩૦૦ થી ૩૩૦ સુધીના મધ્યનો જણાય છે.

ચોથી આગમ વાચના

આ પછી અંતિમ દશપૂર્વધર, બાલવૈરાગી, અનુપમ-સંવેગી શ્રી વજ્રસ્વામીએ પોતાના પટ્ટધર શ્રી વજ્રસેનસૂરિને જેનું સૂચન પોતાના અનશન સમયે કરેલ કે—

—'મારા સ્વર્ગવાસ પછી ભયંકર દુકાલ પડવાનો છે, પણ જે દિને લાખ સોનૈયા આપીને એક હાંડી ભાતની ચડશે તેના બીજા દિવસથી સુકાલ થશે.'

તે ભયંકર દુકાલ વીર નિ. સં. ૫૮૦ થી ઉત્તર ભારતમાં ફેલાણો,

---

શ્રુતથી શ્રદ્ધા થિર રહે, શ્રદ્ધાથી વ્રત સાર ।
વ્રતથી શિવસુખ પામીયે, તિણે શ્રુત જગદાધાર ॥

આ દુકાળ એટલો ઉગ્ર-ભીષણ હતો કે આ દુકાલમાં ઘણા ગણો-કુલો-અને વાચકવંશો માત્ર નામશેષ થઈ ગયા, અને આગમનો વારસો ટકાવી શકનાર શક્તિસંપન્ન મુનિઓની સંખ્યા બહુ જૂજ થઈ ગઈ.

આ સમયે સંઘમાં વાચનાચાર્ય તરીકે આ૦ નંદિલસૂરિ, અને યુગપ્રધાન તરીકે **આર્યરક્ષિત સૂરિ મ.** અને ગણાચાર્ય આ૦ **વજ્રસેનસૂરિ મ.** હતા.

આ વખતના દુકાલની ભીષણતાએ અનેક સમર્થ જ્ઞાની મહાપુરુષોને નામશેષ કરેલ હોવાથી યુગપ્રધાનાચાર્ય **આર્યરક્ષિત સૂરિ મ.** વિચારે છે કે—

'અહો શી કર્મની ગતિ છે! પ્રભુની વાણીને સાચવવા માટે અમો કમનસીબ નિવડ્યા છીએ! પૂર્વકાલમાં ત્રણ આગમ વાચનાઓ દ્વારા જિનાગમની સંકલના વ્યવસ્થિત કરવાની યોજના શ્રમણસંઘે કરી, છતાં જિનાગમ સંપૂર્ણપણે સચવાતું નથી, તેમાં કારણરૂપ આવા વિષમ દુકાલો તથા લોકોનું ઘટતું જતું પ્રજ્ઞા-તથા સંહનનનું બલ છે,

હવે આવા પ્રસંગે ધારણાશક્તિની અનુકૂલતા પ્રમાણે આગમોનું સંકલન કરવામાં નહિ આવે તો રહ્યા સાધુઓ પણ રહેલા આગમના વારસાને એકકે સૂત્રના ચાર અનુયોગના અર્થની ગંભીરતને ધારવાની નબળાઈથી સાચવવા સમર્થ નહિ નીવડે.

---

શ્રુત વિણ જે કિરિયા કરે, તે સંસારનું મૂળ ।
શ્રુત ઉપયોગે જે ક્રિયા, તે શિવપદ અનુકૂળ ॥

વળી જિનાગમના પ્રત્યેક સૂત્રમાં ઓછામાં ઓછા દ્રવ્ય,ચરણ–કરણ, ગણિત અને ધર્મકથારૂપ ચાર અનુયોગ સમાયેલા છે, અને આવા ગહન અર્થને સમજી ધારણા કરી શકે તેવા શક્તિસંપન્ન સાધુઓની કાલ બલે અછત થવા પામી છે.'

—વગેરે હેતુઓનો ખૂબ ગંભીર વિચાર કર્યો, સમકાલીન અન્ય પ્રભાવક આચાર્યોની સંમતિ લીધી, અને પછી પ્રત્યેક સૂત્રના મુખ્ય અર્થને પ્રકરણાશ્રયી અવલંબી અન્ય અર્થોને ગૌણ કરી આખા જિનાગમનું સ્વતંત્ર રીતે નીચે મુજબનું વર્ગીકરણ કર્યું, જેથી ભવિષ્યના અલ્પ શક્તિવાળા પણ મેધાવી સાધુઓને મુખપાઠ રાખવામાં વિષયાનુસંધાન દ્વારા સુગમતા પડે.

(૧) દ્રવ્યાનુયોગ–દૃષ્ટિવાદ (બારમું અંગ)

(૨) ચરણકરણાનુયોગ–અગિયાર અંગો, છેદસૂત્રો, મહાકલ્પ ઉપાંગો અને મૂલસૂત્રો.

(૩) ગણિતાનુયોગ–સૂર્યપ્રજ્ઞપ્તિ–ચંદ્રપ્રજ્ઞપ્તિ, આદિ

(૪) ધર્મકથાનુયોગ–ઋષિભાષિત, ઉત્તરાધ્યયન, આદિ

આ રીતે શ્રીઆર્યરક્ષિતસૂરિ મહારાજે ચાર અનુયોગની વ્યવસ્થા કરી આગમોને ચિરંજીવ બનાવ્યા,

શ્રી આવશ્યક નિર્યુક્તિમાં આ વસ્તુને વર્ણવતી એક ગાથા મળે છે કે–

---

અર્થથી અરિહંતે વખાણ્યું, સૂત્રે ગણધર વિરચાણું રે ॥
એ શ્રુત ભાવ ધર્મ દાતાર, પૂજી લહો ભવજળ પાર રે ॥

'ભાવાર્થ-દેવેન્દ્રોથી વંદાએલ મહાનુભાવ શ્રી આર્યરક્ષિતસૂરિ મહારાજે કાળબલનો વિચાર કરી જિનાગમના અનુયોગને ચાર વિભાગમાં વહેંચી દીધો.'

આ રીતે વીર નિ. સં ૫૯૨ લગભગ માં દશપુર (મંદસોર) (માલવા) નગરે શ્રી આર્યરક્ષિતસૂરિ મ. હસ્તક ચોથી આગમ વાચના થઈ. (જુઓ ચિત્ર નં. ૬)

**પાંચમી આગમ વાચના**

આ પછી વીર સં ૮૩૦ થી ૮૪૦ લગભગમાં પૂ. આ૦ સ્કંદિલ સૂરિએ ઉત્તરાપથના મુનિઓને મથુરામાં અને આ. સ્કંદિલસૂરિના સમકાલીન નાગેન્દ્રવંશીય પરમ પ્રભાવક શ્રી હિમવંતક્ષમા શ્રમણના શિષ્ય આ. શ્રી નાગાર્જુનસૂરિએ દક્ષિણાપથના મુનિઓને વલભીમાં આગમોની સંકલના કરવા માટે એકત્રિત કર્યા.

કારણ કે તે વખતે સૌરાષ્ટ્રમાં જૈનધર્મ અને બૌદ્ધધર્મ વચ્ચે જબ્બર સંઘર્ષ ચાલેલો, મધ્યભારતના હૂણો અને ગુપ્તોનું ભયંકર યુદ્ધ જામેલું અને અધુરામાં પુરું અતિ ભીષણ બાર વર્ષનો દુકાળ પણ પડેલો.

આ બધા કારણોથી જૈન મુનિઓની અને વિશેષતઃ શ્રુતધર મુનિઓની સંખ્યા ઘટી ગયેલ અને આગમો સાવ લુપ્ત થઈ જવાનો કસોટીભર્યો કાલ ઉપસ્થિત થયેલ.

---

શ્રુતદાયક જિનરાજને ધ્યાવો, જિમ અતિશય જ્ઞાનને પામો રે ॥
શ્રુતફળ વિરતિ વિરતિફળ ધ્યાન, ધ્યાને લહે સામયિક જ્ઞાન રે ॥

આ કટોકટીને પહોંચી વળવા જિનશાસનના પ્રાણતુલ્ય આગમોનું સંરક્ષણ કરવા આ૦ શ્રી **સ્કંદિલસૂરિએ મથુરામાં** અને આ૦ શ્રી **નાગાર્જુનસૂરિએ વલભીમાં** ગીતાર્થ શ્રમણોને એકત્રિત કરી આગમ સાહિત્યને સંકલિત કર્યું"

આ વાચના બે આચાર્યોની અધ્યક્ષતામાં બે સ્થાને (જે સ્થાનો એક-એકથી સુદૂરવર્તી છે.) થઈ છે. પણ પૂર્વની વાચનાઓની જેમ આખા શ્રમણસંઘનું એક બૃહદ્ સંમેલન પૂર્વક નથી થઈ શકી, તેજ સૂચવે છે કે-

"એ વખતે ભારત વર્ષમાં કેવી અંધાધુંધી મચી રહી, જેથી શ્રમણો જીવનપ્રાણસમા આગમોના પાઠોને સંકલિત કરવાના મહત્વ-ભર્યા પ્રસંગે પણ એકઠા ન થઇ શકયા અને પરિસ્થિતિને પહોંચી વળવા ભિન્ન-ભિન્ન સ્થાને આગમ-વાચના કરવી પડી."

જો કે શ્રી નંદીસૂત્રચૂર્ણિ-વૃતિઆદિના આધારે આમાં સંમતિ તો બંન્નેની લેવાણી લાગે છે. આમાં યોગ્ય સંમતિ અને ગીતાર્થોની સલાહથીજ અશકય પરિહારે જુદી વાચનાઓ થઈ લાગે છે.

'દેશમાં શાંતિનું વાતાવરણ થયે આપણે બધાય એકત્રિત થઈ ને માથુરી અને વાલભી વાચનાઓના પાઠભેદોનું સમન્વય પૂર્વક નિરાકરણ કરીશું."

એવી બન્ને વાચનાઓની સંભવિત મસલત પણ આ આગમ સાચના પ્રસંગે દેશની ભયંકર સ્થિતિનો ખ્યાલ આપે છે.

---

શ્રદ્ધાવંત સુસંયમી, ગુરૂકુળવાસીસાધ ।
શ્રુત અભ્યાસ કરી ભજે, તજે સંસાર અગાધ ॥

કેટલાક આચાર્યોના મતે અને મળી આવતા શ્રી યોગશાસ્ત્ર વૃત્તિ આદિના કેટલાક ઉલ્લેખો પ્રમાણે આ પાંચમી આગમ-વાચના પ્રસંગે આગમોના પાઠોના સંકલનની સાથે હવેના અલ્પ બુદ્ધિવાળા જીવો આગમોને મુખપાઠ રાખી નહિં શકે અને રાખવામાં પાઠોની હેરફેર કે વિનાશ થવા સંભવ છે, આદિ ગીતાર્થોની વિચારણા અનુસાર બન્ને વાચના સ્થળે આગમોનું પુસ્તકારોહણ પણ થએલ છે.

આ વાચના કરનાર બંને પૂજ્ય આચાર્યોના જીવન પરિચય માટે પૂ. મુનિશ્રી દર્શન વિ. મ. ત્રિપુટીએ આલેખેલ જૈન પરંપરાઓનો ઇતિહાસ (ભા-૧) ગ્રંથનું "આ. સ્કંદિલસૂરિનો પરિચય" નામના પ્રકરણમાં નીચે મુજબ વર્ણન છે.

" આ. શ્રીસ્કંદિલસુરિજી

આ આચાર્ય મથુરાના રહેવાસી ધર્મે જૈન બ્રાહ્મણ મેઘરથ અને રૂપરેખા બ્રાહ્મણીના પુત્ર સોમરથ નામના હતા.

આર્ય વજ્રસ્વામી અને આર્યરથની પરંપરાના કાશ્યપ ગોત્રવાળા સ્થવિર આર્યસિંહના ઉપદેશથી વૈરાગ્ય પામી આર્ય ધર્મ પાસે તેમણે દીક્ષા લીધેલી, અને બ્રહ્મદ્વીપિકા શાખાના આ. સિંહસૂરિ વાચાનચાર્ય પાસેથી આગમ તથા પૂર્વનું જ્ઞાન મેળવી વાચક પદ પ્રાપ્ત કર્યું હતું.

યુગપ્રધાન યંત્રના આધારે તેમનો વાચનાચાર્ય કાલ વીર નિ. સં. ૮૨૬નો છે.

---

કરમ તિમિર ભર ટાળવા, જ્ઞાન તે અભિનવ સૂર ।<br>
જ્ઞાની જ્ઞાન બળે લહે, સ્વ પર સ્વભાવ પંડૂર ॥

આ વાચનાના સંચાલક આ. સ્કંદિલસૂરિ સંબંધી એક ગાથા શ્રી નંદિસૂત્રની પટ્ટાવલીમાં મળે છે.

जेसि इमो अणुओगो, अज्जावि अड्ढभरहम्मि ।
बहुणगरणिग्गयजसे ते वंदे खंदिलायरिए ॥ ३३ ॥

## આ. શ્રી નાગાર્જુનસૂરિજીનો પરિચય.

આ. શ્રી નાગાર્જુનસૂરિજીનો જન્મ વીર નિ. સં. ૭૯૩માં, ૮૦૭માં દીક્ષા, ૮૨૬માં યુગપ્રધાનપદ, ૯૦૪માં ૧૧૧ વર્ષની વયે સ્વર્ગવાસ છે.

આ. શ્રી સ્કંદિલાચાર્ય મહારાજે કરેલી આ વાચનાના સમયનો ઉલ્લેખ સુરત–ગોપીપુરામાં વિ. સં. ૨૦૦૭માં તૈયાર થએલ શ્રી આગમોદ્ધારક ગુરુમંદિરમાં શ્રી સ્કંદિલાચાર્ય મ. ના વાચનાના ચિત્રપટમાં વીર નિ. સં. ૮૨૭ થી ૮૪૦ લગભગનો કરેલ છે.

## છઠ્ઠી આગમ વાચના.

વાચકવંશના વાચનાચાર્ય પૂ. આ. શ્રી સ્કંદિલસૂરિજીએ કરેલી માથુરી વાચનાના વારસદાર આ. શ્રી દેવર્દ્ધિગણી ક્ષમાશ્રમણે તથા આ. નાગાર્જુનસૂરિએ કરેલી વાલભી વાચનાના વારસદાર આ. કાલકસૂરિએ ભેગા મળી શ્રમણસંઘને મેળવી કાલબલે વિણસી જતા આગમના ખજાનાને સ્થાયી બનાવવાના શુભ આશયથી શત્રુંજયાધિષ્ઠાયક શ્રી કપર્દીયક્ષ આદિની

શ્રદ્ધામૂળ ક્રિયા કહી, તેહનું મૂળ જે જ્ઞાન ।
તેહથી શિવસુખ બહુ જના, પામ્યા ધરી એકતાન ॥

સહાયથી વલભીપુર (વળાસૌરાષ્ટ્ર)માં પુસ્તકારૂઢ કરવારૂપ આગમ વાચના કરી.

આ વાચનામાં ચોરાશી આગમોનું વ્યવસ્થિત સંકલન તાડપત્રના પાના ઉપર સાધુઓએ લિપિબદ્ધ કરી આગમોને પુસ્તકારૂઢ કર્યા.

તથા અન્ય પણ મહત્વના ગ્રંથોનું પુસ્તકાલેખન આ પ્રસંગે થએલ.

પાંચમી આગમ-વાચનામાં જે કેટલાકના મત પ્રમાણે આગમોનું પુસ્તકારોહણ થએલ છે, તેઓના મતે છઠ્ઠી આગમ વાચનામાં માથુરી અને વાલભી વાચનામાં રહી ગએલા પાઠભેદોને સમન્વય (જો કે તે વખતના વાચનાચાર્ય પૂ. આ. શ્રી સ્કંદિલસૂરિ મ. તથા પૂ. આ નાગાર્જુનસૂરિ મ. ની પ્રબલ ઇચ્છા છતાં કાલબલના પ્રતાપે ભેગા થવાનો સંયોગ ન આવવાથી ભેગા નહીં થઇ શકેલા) કરી સુજ્ઞ ગીતાર્થોની સૂચના અનુસાર એક પાઠ નક્કી થયો.

આ વાચનાનો સમય વીર નિ. સં. ૯૮૦નો છે. આ. દેવર્દ્ધિગણી ક્ષમાશ્રમણ મ. ના દીક્ષાગુરુ પૂ. આ. શ્રી લોહિત્યસૂરિજી હતા તેમની પાસે ભણી ગણીપદ મેળવી ઉપકેશગચ્છીય આ. દેવગુપ્તસૂરિ મ. પાસેથી એક પૂર્વ અર્થ સાથે અને બીજુ પૂર્વ મૂળ ભણી ક્ષમાશ્રમણ પદ મેળવ્યું. કારણ કે નીચે આપેલ ગાથાના આધારે ક્ષમાશ્રમણ શબ્દ પૂર્વધારીને જ લાગુ પડે છે.

---

વિષમકાળ જિનબિંબ જિનાગમ
ભવિયણ કું આરાધા ॥

वाई य खमासमणे, दिवायरे वायग'त्ति एगट्ठा ।
पुव्वगयंमि य सुत्ते, एए सद्दा पउंजंति ॥

ભાવાર્થ–પૂર્વધારી મુનિઓના નામની સાથે વાદી, ક્ષમાશ્રમણ, દિવાકર અને વાચક શબ્દો એકાર્થરૂપે પ્રયોજાય છે–પ્રયોજાતા હતા.

આ શબ્દો પ્રાચીનકાળમાં પૂર્વધારી અર્થના સાંકેતિક હતા.

પૂ. આ. દેવર્દ્ધિગણીનો સ્વર્ગવાસ વીર નિ. સં. ૧૦૦૦માં શ્રી શત્રુંજયગિરિ ઉપર અનશન પૂર્વક થયેલ છે.

તેમની પછી તરત જ અંતિમ પૂર્વધર યુગપ્રધાનાચાર્ય સત્યમિત્ર પણ સ્વર્ગે પધાર્યા છે, એટલે પૂર્વના જાણકાર નહિં રહેવાના કારણે વીર નિ. સં. ૧૦૦૦માં **પૂર્વજ્ઞાનનો વિચ્છેદ** મનાય છે.

પૂ. આ. દેવર્દ્ધિગણી ભગવંત પંચમ ગણધર શ્રી સુધર્માસ્વામીથી શ્રી નંદીસૂત્રની થેરાવલીના આધારે પચ્ચીશમા વાચનાચાર્ય હતા.

આ માટે જુઓ પૂ. મુનિ શ્રી દર્શનવિ. મ. ત્રિપુટી લિખિત 'જૈન પરંપરાનો ઈતિહાસ' (ભા.–૧)માં પ્રકરણ ૧૩મું (પા. ૨૯૭)

"આ. કાલકસુરિનો પરિચય,

પૂ. આ. નાગાર્જુનસૂરિની પરંપરામાં થયેલા છઠ્ઠી

---

જ્ઞાન આરાધન સાધન સિદ્ધિનું, સાધી કર્મ ખપાયા ।
કેવલ કમલા પામી અનંતી, સિદ્ધિએ સિદ્ધિ સુહાયા રે ॥

આગમવાચના કરનાર પૂ. આ. **શ્રી દેવર્દ્ધિગણી ભગવંતના** સહાયક પૂ. આ. **શ્રી કાલકસૂરિ મ. તે ચોથા કાલકાચાર્ય** જાણવા.

જેમનો યુગપ્રધાનકાલ વીર નિ. સં. ૯૮૩ થી ૯૯૪ છે.

આ સૂરિજીએ વીર. સં. ૯૯૩માં **આનંદપુરમાં** વલ્લભી-**વંશના રાજા ધ્રુવસેન(પ્રથમ)ની** રાજાસભામાં તેના પુત્રના મૃત્યુથી શોકના નિવારણ નિમિત્તે **શ્રી** સંઘ સમક્ષ **શ્રી** કલ્પસૂત્ર વાચના પ્રારંભેલી.

આ સૂરિજીની પાટે બીજા ઉદયના આઠમા યુગપ્રધાન અંતિમ પૂર્વધર **શ્રી સત્યમિત્રસૂરિ** મ. થયા.

જેઓ છેલ્લા પૂર્વવિદ્ હોવા સાથે વાચક વંશના પણ અંતિમ વાચનાચાર્ય હતા,

"આ સૂરિજી પછી વાચક વંશ ચાલ્યો નથી."

ઉપર મુજબ **પ્રભુ શ્રી મહાવીર સ્વામી** ના શાસનમાં કાલબલે વિણસવાની કટોકટી ભર્યા પ્રસંગમાંથી આગમ-શ્રુતને બચાવવા પ્રાચીન છ વાચનાઓ થઇ-અને તે પણ પ્રભુ વીર નિર્વાણ પછીના ૧૦૦૦ વર્ષના ગાળામાં જ, ત્યાર પછી આગમોની આવી વાચનાઓ થયાનો કોઈ ઉલ્લેખ મળતો નથી.

પણ વિષમ કળિકાળના પ્રભાવથી ૧૮ મી સદીના સમાપ્તિ

---

**જ્ઞાન જ્ઞાનીની સેવા કરતાં, ચિર સંચિત અઘ જાય।**
**પુણ્યમહોદય કમલા વિમલા, ઘરમાં પરગટ થાય ॥**

કાળથી શિથિલાચારની વૃદ્ધિ થવાથી આગમિકજ્ઞાનની પરંપરા સુવિહિત ગીતાર્થ આચારસંપન્ન શ્રમણોના હાથમાં રહી નહીં.

પરિણામે હસ્તલિખિત પ્રતોમાં રહેલ આગમો અધિકારીને પણ મળવા દુર્લભ થયાં.

છેવટે વીસમી સદીના ઉત્તરાર્ધના પ્રારંભકાળે સુવિહિત સંવેગી સાધુઓમાં આચારનિષ્ઠા, વિશિષ્ટ–વૈરાગ્યની પ્રબલ ભૂમિકા આદિ સુદૃઢ હોવા છતાં આ બધાને ટકાવવા માટે જરૂરી મૂળ સરવાણી રૂપ આગમિક જ્ઞાનની માત્રા પઠન–પાઠનની શાસ્ત્રીય પરંપરા સુરક્ષિત ન રહી શકવાના કારણે ખૂબ જ અલ્પ માત્રામાં રહેવા પામી.

સામાન્ય કક્ષાના શ્રમણોને તો આગમિક પદાર્થોનું સુવિહિત ગીતાર્થમુખે શ્રવણ પણ દુર્લભ થઈ ગયેલ.

આવા અવસરે શ્રમણસંઘની ૧૮ પ્રસિદ્ધ શાખાઓમાં વધુ પ્રભાવશાલી સાગરશાખાના અદ્વિતીય પ્રતિભાસંપન્ન પ્રૌઢ ધીષણાશાલી પૂ. મુનિરાજશ્રી ઝવેરસાગરજી મ. સા. ના એક માત્ર શિષ્ય ૯ મહિનાના ટૂંકા ગાળાનો જ ગુરુ–સહવાસ છતાં પૂર્વજન્મની અપૂર્વશ્રુત આરાધનાબળે એકલે હાથે ન્યાય–વ્યાકરણ આદિ સાધનગ્રંથોનું અગાધ વિદ્વત્તાપૂર્ણ જ્ઞાન મેળવી પૂ. ગુરુદેવશ્રી ઝવેરસાગરજી મ.ની આગમોની પારદૃશ્વતાના વારસાને તે ગુરુદેવશ્રીના અન્તિમ સમયના "आगमोंका अभ्यास बराबर

---

સકલ સુરાસુર પૂજ્યને, પૂજ્ય પદે છે જેહ।
તે પવયણ નિત પૂજતાં, પાપ તાપ હોય છેહ॥

કલ્પના" શબ્દે પાછળ રહેલ ઉંડા અંતરના આશિષના બળે આગમિક તલસ્પર્શી અગાધ માર્મિકજ્ઞાન આપબળે મેળવી વીર નિ. સં. ૨૪૪૦–વિ. સં. ૧૯૭૦ માં એક કો'ક મંગળ ચોઘડીએ જિનશાસનના એક મહાન ધુરંધર સમર્થ પ્રભાવક શાસ્ત્રોના પારગામી આચાર્ય વર્ષો જુની શ્રમણ સંઘની ફરજ અને જવાબ દારી રૂપ આગમોના અણમોલ, વારસાને સુરક્ષિત રાખવાના પ્રશ્નને ફરીથી ઉપસ્થિત કરે છે અને વર્તમાન પરિસ્થિતિનો જનતાને ખ્યાલ આપે છે કે—

"મહાનુભાવો પ્રાચીન કાલમાં બારવર્ષી દુકાળો, રાજ્યક્રાંતિના પ્રબલ આંદોલનો અને ધર્માંધતાભર્યા ઝનૂની અત્યાચારોરૂપ દ્રવ્ય–વિઘ્નોની પરંપરામાંથી આગમોના વારસાને સુરક્ષિત રાખવા પૂર્વના યુગપ્રધાન સમર્થ આચાર્યોએ અપૂર્વ જહેમત ઉઠાવી છ વાચનાઓ કરી આગમોને મૂળ સ્વરૂપમાં ટકાવી રાખ્યા, પણ હવે આ બ્રિટીશ ગવર્ન્મેન્ટના રાજ્યમાં નથી કોઈ રાજ્યદ્વારી ઉપદ્રવો ! નથી ભયંકર હડહડતા દુકાળો ! કે નથી ધર્માંધ–ઝનૂનીઓના અત્યાચારો ! છતાં આપણા શાસનમાં અગ્રગણ્ય ગણાતી શ્રમણ–સંસ્થામાં આંગળીના વેઢાને થંભાવી દે. તેટલી જ માત્ર અતિવિરલ સંખ્યા આગમોના જાણકારની રહી છે ! છે તે પણ વારસદારોને આગમોનો વારસો સોંપી શકે તે પરિસ્થિતિમાં નથી, કારણ કે વચલા સંઘર્ષકાલમાં કેટલાક કારણોસર આગમોના ગ્રંથોનો પઠન–પાઠનાદિ માટે જરૂરી પ્રતો

---

અક્ષય સુખ આધાર જે, ધ્યાન કલ્પતરૂ મૂળ ।
તરણહેતુ શ્રુતજ્ઞાન છે, શિવસુખને અનુકૂળ ॥

મેળવવા માટેની પરિસ્થિતિ બહુ વિષમ થઈ ગઈ છે. અને એ રીતે યોગ્ય પરિણતના હાથમાં આગમો ન આવી શકવાની પરિસ્થિતિમાં માનસિક ઉદારતાના દુકાળે કે પાશ્ચાત્ય કેળવણી બલે જનતામાં ફેલાયેલ વિચાર ક્રાન્તિના ધક્કાએ આગમોને અભૂતપૂર્વ હાનિ પહોંચાડી છે, માટે આગમોનું મૌલિક જ્ઞાન પૂ. સાધુ-સાધ્વીજીમ. માં શાસ્ત્રીય પદ્ધતિ મુજબ વધે તેવું કંઈક કરવાની જરૂર લાગે છે.”

આ રીતનો વિચાર તે વખતના શ્રમણસંઘના મુખ્ય આચાર્યોને જણાવી શ્રમણસંઘમાં આગમોના અભ્યાસ તરફ રૂચિ ઉત્પન્ન કરવા તથા સંયોગોની વિષમતા આદિ અનેક કારણે આગમોનું જ્ઞાન ન મેળવી શકનાર સાધુ-સાધ્વીને લાભ પહોંચાડવાની દૃષ્ટિએ તે મહાપુરુષશ્રીએ પોતાની જાતમહેનતે પ્રેસકોપીથી માંડીને પ્રુફ સુધારવા સુધીની સંપૂર્ણ દેખરેખ જવાબદારીથી આગમ-ગ્રંથોની મર્યાદિત પ્રતિઓ છપાવી સામુદાયિક વાંચનાઓ વિ. સં. ૧૯૭૧ થી ૧૯૭૭ સુધીમાં **પાટણ, કપડવંજ, અમદાવાદ, સુરત પાલીતાણા અને રતલામ.** જાહેરમાં સામુદાયિક છ-છ મહિનાની વાચનાઓ ગોઠવી સેંકડો સાધુ-સાધ્વીઓને આગમોને વાંચવાની પરિપાટી, નય-નિક્ષેપથી અર્થ કરવાથી પદ્ધતિ, આગમિક પદાર્થોના ગૂઢ રહસ્યો આદિની સમજૂતી પૂ. આગમધર મહાપુરુષે અખૂટ ભાવદયા ભાવનાવાત્સલ્ય આપેલ.

આજે પણ તે વાચનાાનો રસાસ્વાદ લીધેલ જુના પૂ.

---

નાણપદ આરાધી અપ્પા, નાણથી નિર્વાણ રે ।
નાણથી અજ્ઞાન નાશે, નાણ અખય નિહાણ રે ॥

સાધુ-સાધ્વી ભગવંતો તે વખતની સ્થિતિનું વર્ણન કરતાં આનંદ વિભોર અને હર્ષના ઉલ્લાસથી ગદ્ગદ્ સ્વરે પૂ. આગમોદ્ધારક મહાપુરુષના અપ્રતિમ ઉપકારનાં સ્મૃતિ કરે છે.

આવા મહાપુરુષ કોણ ?

એમ સહેજે વાચકોને જિજ્ઞાસા થાય જ. પણ સૂર્યને દીપક બતાવવાની જરૂર ન હોય ,તેમ લગભગ આટલા લખાણથી જેમનું નામ વાચકોના ખ્યાલમાં આવી જ ગયું હોય છતાં સ્પષ્ટીકરણ માટે જણાવાય છે કે—તે મહાપુરુષ પ્રાતઃસ્મરણીય આગમોદ્ધારક ધ્યાનસ્થ સ્વર્ગસ્થ પૂ. આચાર્ય શ્રી આનંદ-સાગર સૂરીશ્વરજી મહારાજ જેઓ કે આબાલવૃદ્ધ સહુની જીભે પૂ. સાગરજી મહારાજના લાડીલા નામથી જાણીતા હતા.

આ મહાપુરુષે છ સ્થાને કરેલી સાત સામૂહિક વાચનાઓમાં ૨૬ ગ્રંથો વાંચ્યા, તેની નોંધ સાથેના પાનામાં છે.

ઉપર મુજબના પાંચ વર્ષોમાં છ સ્થળોએ સ્થાનિક સંઘના આગ્રહથી અનુકુળતા મુજબ સાત વાર આગમ વાચનાના વિશાલ ચતુર્વિધ શ્રમણ સંઘને લાભદાઈ સામુદાયિક આયોજનો થયા. જેમાં કુલ ૨૬ આગમ-ગ્રંથોના લગભગ ૨,૩૩,૨૦૦ શ્લોકોની વાચના થઇ.

આ મુજબ પ્રભુ મહાવીર દેવના નિર્વાણ પછી ૯૮૦ વર્ષે શ્રી દેવર્દ્ધિગણીક્ષમાશ્રમણે કરેલી છઠ્ઠી આગમવાચના પછી લગ-

---

સુદ્ધ જ્ઞાનાનંદી ચેતના કર્મ કરે ચકચૂર રે ।
મિથ્યાત્વ ઘોર અંધાર ટાળવા, જ્ઞાન અભિનવ સૂર રે ॥

ભગ દોઢ હજાર વર્ષ જેટલા લાંબા ગાળે પણ વીષમ દુઃષમા-રકના ભવ્ય પ્રાણીઓને કુમતની કુટિલતાના પાશમાંથી બચાવનાર અનુપમ આગમ-સાહિત્યને સુરક્ષિત રાખી અખિલ શ્રમણ સંઘ-માં તેના જ્ઞાનની વૃદ્ધિ કરવાના હેતુએ સામુદાયિક વાચના આદિ કરનાર પરમ-સુભગ મહાપુરુષ પ્રાતઃસ્મરણીય જગમશહુર શુભ પ્રતિષ્ઠાધાયક "આગમોદ્ધારક" બિરૂદથી શોભતા આગમાવતાર આગમધર-બહુશ્રુત ધ્યાનસ્થ સ્વર્ગંત શ્રી આનંદસાગરસૂરીશ્વ-રજી સાહેબના ગુણાનુવાદ જેટલા કરીએ તેટલા ઓછા છે.

આ પરમતારક આરાધ્યપાદ મહાપુરુષશ્રીએ જીવનભર ત્રિકર-ણુયોગે તન્મયતાપૂર્વક આગમશ્રુતની અવિરત ઉપાસના કરેલી છે, દરેકે-દરેક આગમનું (છેદ ગ્રંથો વિના) તેઓશ્રીએ જાત દેખરેખ તળે મુદ્રણ કરાવેલ છે. તે ઉપરાંત કાગળમાં છપાએલ આગમ સાહિત્ય તાત્કાલિક ભલે ઉપયોગી હોય! છતાં તેના અવ્યુચ્છિન્તિ પ્રકારને સમર્થક ન થઇ શકે વળી આ આગમમંદિર બનાવના પાછળ તે વખતની પરિસ્થિતિએ પણ થોડો ભાગ ભજવ્યો છે.

મૂર્તિપૂજા અને દાન-દયાના વિરોધીઓ તરફથી મૂળ આગમોમાં પાઠભેદ પ્રક્ષેપક રૂપે તેમ જ પોતાની માન્યતાને અનુકુળ ન આવતા પાઠોને કાઢી નાંખવાની ધૃષ્ટતાના પગરણ શરૂ થયા હતા, તેથી આગમોની મૌલિકતાના રક્ષણ માટે આરસની

---

જ્ઞાનપૂર્વક જેહ કરણી, તેહ હરે સવિ દુઃખ રે।
જ્ઞાન અમૃત પાન કરતાં, પ્રગટ ભવિ લહે સુખ રે॥

શિલાઓમાં ખૂબ જ કાળજી રાખી ગીતાર્થમાન્ય પાઠોને ચિરંજીવ બનાવવાનું મંગલકાર્ય પૂ. આગમોદ્ધારકશ્રીએ કર્યું, એટલે કે પૂ. તારક આગમોદ્ધારકશ્રીએ શ્રી શત્રુંજયગિરિરાજની જયતલેટીમાં ભવ્ય દેવવિમાન તુલ્ય **શ્રી વર્ધમાન જૈનાગમ મંદિરમાં** હાલ ઉપલબ્ધ પ્રામાણિક ગણાતા પિસ્તાલીશેય આગમોને સુંદર મકરાણા આરસની શિલાઓમાં જરા પણ અશુદ્ધિ રહી જવા ન પામે તેની જાતે તકેદારી રાખી કોતરાવેલ છે, અને એ રીતે **દેવર્દ્ધિગણી ક્ષમાશ્રમણે** નક્કી કરેલ આગમોના પાઠને શિલારૂઢ કરી ચિરંજીવ બનાવ્યા છે.

આજ પ્રમાણે આગમતીર્થ **સૂર્યપુરી** (સુરત)ના **ગોપીપુરામાં શ્રી વર્ધમાન-જૈન તામ્રપત્રાગમ મંદિર** (જે મંદિર ફક્ત નવ માસમાં ત્રણ માળનું સુંદર ભવ્ય વિમાન જેવું તૈયાર થયેલ છે)માં આપત્તિકાલે શિલારૂઢ થયેલ આગમો સ્થાન પરિવર્તન કરાવવામાં અયોગ્ય બને તે દૃષ્ટિએ સાચવણીના અચૂક ધ્યેયથી પિસ્તાલીશેય આગમોને તામ્રપત્રમાં ઉપસાવેલા (ખોદાવેલા નહિં) અક્ષરોથી કોતરાવીને ભાવિ જિનશાસનના સંતાનોને અમૂલ્ય આગમોનો વારસો સોંપેલ છે.

## આગમોદ્ધારકશ્રીની આગમોપાસના

આ રીતે આગમાવતાર ધ્યાનસ્થ-સ્વર્ગત આચાર્યશ્રીએ આગમોના જ્ઞાનનો શ્રમણસંઘમાં પ્રચાર, અનેકધા તેનું સંરક્ષણ

---

જ્ઞાન પંથમાં જેહ સદાગમ, સ્વપર ભાસક તેહ રે ।
ચૌદભેદે સેવીએ તે, જેમ ટલે અઘ રેહ રે ॥

અને ભાવીને નજર સમક્ષ રાખી મૂળસ્વરૂપે અખંડ આગમનો વારસો જળવાઈ રહે તે હેતુએ અવ્યુચ્છિત્તિ પ્રકારને પુષ્ટ કરનાર શિલાઓ તથા તામ્રપત્રો ઉપર આગમો કોતરાવી આગમોના સંરક્ષણનો ભગીરથ પ્રયત્ન કર્યો છે.

આ રીતે ચરમતીર્થપતિ પ્રભુ મહાવીરદેવના શાસનમાં આગમના વારસાની સાચવણી કરનાર શાસનપ્રભાવક સમર્થ પૂર્વના મહાપુરુષોએ તથા વર્તમાન યુગના મહાપુરુષે કરેલ વાચનાદિ પ્રકારોની ટૂંક માહિતી આ પુસ્તિકામાં બનતા પ્રયત્ને ગુંથવામાં આવી છે.

## આશંસા

આ વાંચી વિચારી દરેક શક્તિસંપન્ન ભાવુક આત્માએ આગમોની ભાવિમાં વધુ હિતકર વ્યવસ્થા–સાચવણી થાય તેવા વધુ પ્રયત્નો કરવા ઘટે, પણ આજના યુગ–પ્રવાહમાં તણાઈ દેખાવટી પ્રચાર વધવાના મોહમાં પડી અયોગ્ય–અપરિણતના હાથમાં આપણો આગમનો વારસો જઈ ન પડે તેની પૂર્ણ તકેદારી રાખી યોગ્ય માર્ગે પ્રયત્ન કરવો જરૂરી છે.

## પ્રાર્થના

આ પુસ્તિકામાં મારી અલ્પમતિ પ્રમાણે તથા સ્વ. પૂ. મુનિ શ્રી **દર્શન વિજયજી** મ. (ત્રિપુટી) પાસેથી મૌખિક સમજણ મળ્યા પ્રમાણે અને તેઓશ્રીએ લખેલ "જૈન પરંપરાનો

---

અગીયાર અંગ ઉપાંગ દ્વાદશ, દશ પયન્ના સાર રે ।
ષટ્ છેદ સૂત્ર વિચિત્ર રચના, મૂલ સૂત્ર જે ચાર રે ॥

ઇતિહાસ ભાગ ૧ લો" માં કરેલા કેટલાક ઉલ્લેખોના આધારે "આગમ વાચના" વિષયને સ્વાવબોધાર્થે ચર્ચ્યો છે.

શાસ્ત્રાજ્ઞા તથા શાસન–પરંપરાથી વિરૂદ્ધ કંઈ લખાયું હોય તેની પુનઃ મિથ્યાદુષ્કૃતપૂર્વક ક્ષમા યાચું છું.

આજ સુધી મારા ખ્યાલ પ્રમાણે કોઇ મહાનુભાવે આ વિષય પર પ્રકાશ પાથર્યો નથી. એટલે મારી જિજ્ઞાસા તૃપ્ત કરવા આ લેખ મેં પ્રકાશમા મૂકયો છે.

મારી વિદ્વાન આગમજ્ઞાની ગીતાર્થ મહાપુરુષોને આગ્રહભરી વિજ્ઞપ્તિ છે કે–

તેઓ જરૂર આ વિષય પર પોતપોતાનું આલોચન પ્રકાશિત કરે, અને સંઘને આવા મહત્વના વિષયનું જ્ઞાન થાય તેવા આયોજન કરે.

વીર નિ. સં. ૨૪૯૯
વિ. સં. ૨૦૨૯ આસો વદ ૧૧
ઉજમફઈ ધર્મશાળા
ઝવેરીવાડ, વાઘણપોળ.
અમદાવાદ.

લી.
શ્રમણસંઘ સેવક
મુનિ અભયસાગર

---

નંદી અનુયોગદ્વાર સૂત્ર પણયાલીશ રે।
નિર્યુક્તિ ટીકા ભાષ્ય ચૂર્ણી, પૂજો વિશ્વાવીશ ॥

# નમ્ર વિજ્ઞપ્તિ

ગીતાર્થ પુરુષોના ચરણોમાં બેસી સમજી શકાય તેવા ગહનતમ આગમવાચના જેવા વિષયને અનુલક્ષી યથાશક્તિ સપ્રમાણ વિચારણા કરી છે, છતાં "આગમવાચના"ના વિષયને વધુ સ્પષ્ટ બનાવવા નીચેના શંકાસ્પદ સ્થળોના ખુલાસા થવા જરૂરી છે, એ ધારણાથી નીચે સાત પ્રશ્નો જિજ્ઞાસા બુદ્ધિએ રજુ કર્યા છે.

૧ વાચના શબ્દનો મુખ્યાર્થ શો છે?

૨ વર્તમાન–ઉપલબ્ધ પ્રમાણિક–સાહિત્યમાં કેટલી વાચનાઓનો ઉલ્લેખ છે?

૩ નંદિસૂત્રની થેરાવલિમાં શ્રી દેવર્દ્ધિગણી પ્રભુએ શા માટે વાચનાકારક પૂર્વાચાર્યોને નહિં સંભાર્યા હોય? ફક્ત સ્કંદિલાચાર્યની જ વાચનાનો જ ઉલ્લેખ કેમ? બીજીનો કેમ નહિં?

૪ આગમોનું પુસ્તકારોહણ શ્રી સ્કંદિલાચાર્યે કરાવ્યું છે? કે શ્રી દેવર્દ્ધિગણી ક્ષમણે?

૫ વીર નિર્વાણ પછીના ૧૦૦૦વર્ષમાં છ વાચનાઓ થવા પામી અને ત્યાર પછી દોઢ હજાર વર્ષના ગાળામાં શ્રી હેમચંદ્રાચાર્ય મ. વગેરે સમર્થ આચાર્યોના આગમ સંબંધી મહત્વભર્યા પ્રસંગનો ઉલ્લેખ જ કેમ નથી? વિનાશ તો મુસ્લિમ યુગમાં ઘણો સર્જાયો છે, તો તેવા પ્રસંગે વાચનાનો પ્રસંગ ઉપસ્થિત નહિં થયો હોય?

---

દ્રવ્યગુણ પર્યાય પરિણતિ, દ્રવ્ય ષટ્કે જેહ રે ।
જ્ઞાની જ્ઞાને સર્વ જાણે સ્વ-પર ભાવ અછેહ રે ॥

૬ વીર નિ. ૧૦૦૦ પછી શ્રમણસંઘ એકત્રિત થયાનો કોઈ પ્રાચીન દાખલો છે ખરો? જેમાં કે શાસનના કે આગમ રક્ષાના મહત્ત્વના પ્રશ્નની ચર્ચા થઈ હોય?

જો કે આવી બાબતો રૂબરૂમાં જ વધુ સારી રીતે સમજી શકાય છતાં કૃપાનિધાન આગમમર્મજ્ઞ મહાપુરુષો સંપાદકને નીચેના સરનામે જણાવવા કૃપા કરે એવી આશા રાખું છુ.

---

C/o બાબુલાલ કેશવલાલ શાહ
રે. નગરશેઠ માર્કેટ રતનપોળ, અમદાવાદ.

## આગમોની હિતકારિતા

તીર્થંકરો કેવળી થયા છતાં શ્રુતજ્ઞાન દ્વારા શાસનની સ્થાપના કરી અને તેની પરંપરા પૂર્વધર આચાર્યો દ્વારા સુરક્ષિત રહી તો આજે વિષમ કલિકાળમાં આપણે અપૂર્વ આરાધના કરી શકીએ છીએ.

---


નાણે જાણે સ્વભાવ જગના, ભક્ષ્યાભક્ષ્ય વિચાર રે।
તત્ત્વાતત્ત્વ સ્વરૂપ જાણે, જ્ઞાન ને આચાર રે॥

## 卐 નમ્ર વિજ્ઞપ્તિ 卐

આ પ્રકાશન ચતુર્વિધ શ્રી સંઘના હિતાર્થે તાત્ત્વિક દૃષ્ટિના લક્ષ્યથી કરવામાં આવ્યું છે. જે પુણ્યાત્માને સંજોગવશ આની ઉપયોગિતા ન જણાય તો આગમિક વસ્તુથી ભરપૂર આ પ્રકાશનની આશાતનાથી બચવા માટે યોગ્ય અધિકારી સાધુ-સાધ્વી કે વિવેકી ગૃહસ્થને અથવા યોગ્ય જિનાલય ઉપાશ્રય જ્ઞાનમંદિર કે પુસ્તકાલયને આ પ્રકાશન ભેટ આપી સુરક્ષિતપણે જળવાઈ રહે તેવો પ્રબંધ કરવો.

કોઈ પણ સંજોગોમાં આ પુસ્તક કચરાપટ્ટી કે રદ્દી તરીકે પડી રહી અવહેલના ન પામે તેનું પુરતું ધ્યાન રાખવા નમ્ર વિજ્ઞપ્તિ છે.

-: પ્રકાશક :-


ૐ
જૈનં
જયતિ શાસનમ્

## આગમવાચનાના

નીચેના ગ્રંથોમાં આગમવા

૧ શ્રી નંદીસૂત્ર સ્થવિરાવલી

૨ શ્રી નંદીસૂત્ર ચૂર્ણિ

૩ શ્રી નંદીસૂત્ર હારિભદ્રીય વૃત્તિ

૪ શ્રી નંદીસૂત્ર મલયગિરીય વૃત્તિ

૫ શ્રી આવશ્યક સૂત્ર હારિભદ્રીય વૃત્તિ

૬ શ્રી આવશ્યક સૂત્ર હારિભદ્રીય વૃત્તિ

૭ શ્રી આવશ્યક ચૂર્ણિ ભાગ ૧-૨.

૮ શ્રી જ્યોતિષ કરંડક સટીક

૯ શ્રી આવશ્યક કથા

૧૦ શ્રી તિથ્થોગાલિય પયન્નો

૧૧ શ્રી ભદ્રેશ્વરાચાર્યકૃત કહાવલી ગ્રંથ

૧૨ શ્રી પરિશિષ્ટ પર્વ

આ સિવાય નીચેના અંગ્રેજી પુસ્તકે

૧. સેક્રેટ બુકસ ઓફ ધી

૨. હીસ્ટ્રી ઑફ ઈન્ડિયન લીટરેચર,

## વર્ણનવાળા ગ્રંથો

નાને લગતી માહિતી છે.

૧૩ શ્રી યોગશાસ્ત્ર સ્વોપજ્ઞ ટીકા
૧૪ શ્રી ભરતેશ્વર બાહુબલી વૃત્તિ
૧૫ શ્રી ઉપદેશપદ ગ્રંથ
૧૬ શ્રી લોક પ્રકાશ
૧૭ શ્રી ઋષિમંડલ પ્રકરણ વૃત્તિ
૧૮ શ્રી સ્થૂલભદ્ર ચરિત્ર
૧૯ શ્રી સામાચારી શતક
૨૦ શ્રી દુષ્ષમા સંઘ–સ્તોત યંત્ર
૨૧ શ્રી હિમવંત થેરાવલી
૨૨ શ્રી વીરનિર્વાણ સંવત ઔર જૈન કાળગણના (હિંદી)
૨૩ શ્રી જૈન સાહિત્યનો સંક્ષિપ્ત ઇતિહાસ લે. મો. દ. દેસાઈ
૨૪ શ્રી જૈન પરંપરાનો ઇતિહાસ [ત્રિપુટી] ભા.૧


માં પણ કેટલીક માહિતી છે.

સ્ટ. લેખક : હર્મન જેકોબી
લેખક : ડૉ. વીન્ટર નીટ્સ ભાગ–૨.



कत्थ अम्हारिसा पाणी
दूसमाऽदूसिया ।
हा ! अणाहा ! कहं हुंता !
जइ ण हुंतो जिणागमो ॥

ભાવાર્થ—જો જૈન આગમો ન હોત તો વિષમદુઃષમ [પંચમ] આરાના દોષથી દૂષિત થયેલ અમારી શી દશા થાત ! ! !



આવરણ • દીપક પ્રિન્ટરી • અમદાવાદ-૧